# સહજ-સત્સંગ

અંક : ૨૬૧ વર્ષ : ૨૨ તંત્રી : માનસિંહભાઈ ચાવડા સપ્ટેમ્બર : ૨૦૧૦



આદ્યાશક્તિ




## મા મીરાંબિકા

અતિમાનસ ધારિણિ, કોષ-શક્તિ વિકાસિનિ ।
તમસ-પ્રભાવ વિનાશિનિ, રૂપાંતર ક્રિયા પ્રબોધિનિ ॥

# પ્રાર્થનાઓ અને ધ્યાન

- શ્રી માતાજી

(૧૬ જૂન ૧૯૧૪)



**તારો પ્રકાશ..... પૃથ્વી ઉપર ઊતરી રહ્યો છે, અને તારાં કિરણો જગતને અજવાળી દેશે.....**

**આ વિશ્વમાં જે જે તત્ત્વો પેલા કેન્દ્રસ્થ અગ્નિના પૂર્ણ પ્રકાશને આવિર્ભાવ આપી શકે તેવું વિશુદ્ધ, મુલાયમ અને ગ્રહણશીલ છે તે બધાં હવે એકત્ર થઈ રહેલાં છે અને આ બધું ગમે તેમ બનતું નથી. આ ઘટનાનો આધાર કોઈ આ કે પેલા તત્ત્વની ઇચ્છા કે અભીપ્સા ઉપર નથી રહેલો. એનો આધાર તો વ્યક્તિઓના નિર્ણયોથી સ્વતંત્ર રીતે ગતિ કરનાર, પેલો જે પરમ-પુરુષ છે તેના ઉપર જ રહેલો છે. તારો પ્રકાશ જગતમાં ફેલાઈ જવા માંગે છે અને જે કોઈમાં એને આવિર્ભાવ આપવાની, તે એને આવિર્ભાવ આપી રહેલાં છે. બધાં તત્ત્વો, જગતમાં આવિર્ભાવ પામનાર દિવ્ય કેન્દ્રની, આ ભેદમય જગતમાં શક્ય તેટલી પૂર્ણ રીતે પુનર્રચના કરવા ભેગાં થઈ રહેલાં છે....**

**..... આ સ્વરૂપ હવે તારાથી જુદું છે એમ કેવી રીતે કહી શકાશે ?**

# અનુક્રમણિકા


| શીર્ષક | પૃષ્ઠ |
|---|---|
| **પ્રાર્થનાઓ અને ધ્યાન** (આવિર્ભાવની તૈયારી) | ૧ |
| **દૈનિક જીવનમાં યોગસાધના (૪)** (શ્રેષ્ઠ મિત્ર) | ૪ |
| **માતૃવાણી** (બાળકોને જરૂરી જ્ઞાન) | ૭ |
| **ગીતાનિબંધો** (પરં રહસ્ય પ્રતિ) | ૯ |
| **માનવવિકાસ ચક્ર** (સંસ્કારિતા અને બર્બરતા-૨) | ૧૨ |
| **સાવિત્રી** (રૂપાંતરનો પ્રારંભ) | ૧૪ |
| **યોગ વિષે પત્રો** (આંતર ચેતનાનું સ્વરૂપ) | ૧૭ |
| **ભારતીય સંસ્કૃતિના પાયા** (ભારતીય રાજ્ય સંસ્થાનો વિકાસ) | ૨૦ |
| **યોગમાર્ગોનો સમન્વય** (ચાર સહાય) | ૨૪ |
| **આગામી-ભાવિ** (ઊંચી ઉડાન) | ૨૮ |
| **સુંદર કથાઓ** (વહેમી પંડિતો) | ૨૯ |
| **ઉપનિષદોનું અમૃત** (ગાર્ગીનો અતિપ્રશ્ન) | ૩૦ |
| **માનવ - એકતા** | ૩૨ |
| **વેદવિજ્ઞાન** (વૈશ્વદેવ યજ્ઞ-૩) | ૩૯ |
| **સર્વાંગી આરોગ્ય** (શારીરિક મનની શક્તિ) | ૪૩ |
| **સાંજના વાર્તાલાપો**(જીવનની વાસ્તવિકતાઓ) | ૪૬ |
| **અતિમનસના ભગીરથી મહાયોગી શ્રી અરવિન્દ** | ૪૭ |
| **કવરપેજ ૧ ઉપરની સમજૂતી કવરપેજ ૪ ઉપર (નવદુર્ગા)** | |



**મા શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર ટ્રસ્ટ સંચાલિત, મા શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર, રાજકોટનું**
**શ્રી અરવિન્દ અને શ્રી માતાજીનાં યોગદર્શનની સાદી સરળ ભાષામાં સમજણ આપતું ગુજરાતી ભાષાનું લોકપ્રિય સામયિક**

**સહજ-સત્સંગ**
અંક : ૨૬૧ વર્ષ : ૨૨
સપ્ટેમ્બર - ૨૦૧૦

સંસ્થાપક અને આદ્યતંત્રી : **સ્વ. ભૂપેન્દ્રભાઈ ત્રિવેદી**
અર્પણ, ૨૫૯, વૃંદાવન સોસાયટી, કાલાવડ રોડ,
રાજકોટ - ૩૬૦૦૦૫

તંત્રી : **માનસિંહભાઈ ચાવડા**
૭, સાંનિધ્ય બંગ્લોઝ, રઘુનંદન પાર્ક, ઈન્કમટેક્સ ઑફિસ પાછળ, રેસકોર્ષ રીંગ રોડ (પશ્ચિમ), રાજકોટ - ૧
**મો. ૯૮૨૪૩૭૩૯૨૯**

સંપાદન સહાયક મંડળ :
**હર્ષદભાઈ ઠકરાર, લલિતભાઈ ઉપાધ્યાય, કમલેશભાઈ માંડવિયા, તેજસ વસા**

સંપર્ક માટે : **શ્રી હર્ષદભાઈ ઠકરાર** - મો : ૦૯૪૨૭૨ ૨૨૪૧૫

**મા શ્રી અરવિન્દ સાધના ટ્રસ્ટને આપેલ અર્પણ (દાન) 80G નીચે ઈન્કમટેક્ષ રાહતને પાત્ર છે.**
**કૃપયા મનીઑર્ડરથી અર્પણ મોકલશો નહિ, એકાઉન્ટ પેયી ડ્રાફ્ટ/પોસ્ટલ ઑર્ડરથી**
**'મા શ્રી અરવિન્દ સાધના ટ્રસ્ટ - રાજકોટ' - ના નામે મોકલશો.**
આપનું નામ, સરનામું, જૂનો ગ્રાહક નં. અથવા નવા ગ્રાહક તરીકેનો અચૂક ઉલ્લેખ કરશો.



**(આ અંકમાંના શ્રી માતાજી - શ્રી અરવિન્દનાં લખાણો તથા તસ્વીરો શ્રી અરવિન્દ ટ્રસ્ટ - પોંડિચેરીના કોપીરાઈટ છે.)**



ટાઈપ સેટીંગ તથા પ્રિન્ટીંગ **લા ક્રિએટા** - રાજકોટ - ૦૨૮૧ - ૨૪૬૫૦૭૮

# આવિર્ભાવની તૈયારી

**સમજૂતી** - માનસિંહ ચાવડા

અતિમનસ પ્રકાશના અવતરણની અનુભૂતિ તો ૨૯ ફેબ્રુઆરી ૧૯૫૬ના રોજ થએલી. તેથી અહીં જે પ્રકાશની અનુભૂતિ છે તે આંતરપ્રેરણાઓના પ્રકાશની છે. આધ્યાત્મિક જ્ઞાનમાં આંતરદૃષ્ટિથી લોકોને વધારે ને વધારે સમજણ આવી રહી છે. ખરેખર તો આ પરિણામ પણ અતિમનસના અવતરણની પૂર્વઘટના સ્વરૂપે જ થઈ રહ્યો છે.

અહીં જે કેન્દ્રસ્થ અગ્નિની વાત માતાજી કરી રહ્યાં છે તે ચૈત્યપુરુષની નથી પણ વૈશ્વિક-ચેતનાના કેન્દ્રની છે. વેદોમાં તેને હિરણ્યગર્ભ તરીકે વર્ણવેલ છે. વૈશ્વિક ચેતનાનાં જ ગર્ભમાં વિશ્વાતીત ચેતનાનું તેજ ઝળહળતું હોવાથી તેને હિરણ્ય-ગર્ભ આ સાર્થક નામ વૈદિક ઋષિઓએ આપેલું છે.

હિરણ્યગર્ભ જે વૈશ્વિક આયોજનનો સૂત્રધાર છે, તે જ વ્યક્તિ-ચેતનાઓને પોતાના આયોજન અનુસાર પ્રેરણાઓ આપી તેમને સંગઠિત કરતો હોય છે. તેથી માતાજી જણાવે છે કે હિરણ્ય-ગર્ભમાંથી આવતી પ્રેરણારૂપ પ્રકાશને જે વ્યક્તિઓ ઝીલી શકે છે અને તેને પ્રગટ કરી શકે છે તેઓ બધાં ધીમે ધીમે અજાણતાં જ ભેગા થવા માંડ્યાં છે. શ્રી અરવિન્દ કલકત્તાથી પોંડીચેરી આવ્યાં. શ્રી માતાજી ફ્રાન્સ અથવા જપાનમાંથી પોંડીચેરી આવ્યાં. અનેક મહાન આત્માઓ વિવિધ કારણોસર જાણે પોંડીચેરીમાં ભેગા થવા લાગ્યાં.

આ ભેગા કરવામાં તે બધી અલગ અલગ વ્યક્તિઓની ઇચ્છા કે આયોજન જરા પણ નહોતું. સંજોગવશાત્ બધાં ત્યાં ભેગા થઈ રહ્યાં હતાં. તેમના આ એકત્ર થવાનો સૂત્રધાર તો હતા હિરણ્યગર્ભ અર્થાત્ વૈશ્વિક ચેતના.

આ જે અતિમનસ તેજનો સૂર્યોદય પહેલાનો અરુણોદય થઈ રહ્યો હતો તે સૂચવતો હતો કે અતિમનસને હવે સમગ્ર જગતમાં સક્રિય રીતે ફેલાઈ જવાનું છે.

આ જગત હજી તે દિવ્ય-પ્રકાશને ઝીલવા સક્ષમ નથી, પણ શક્ય એટલો વધારેમાં વધારે ઝીલવા અને તે રીતે પોતાની પુનઃરચના કરવા તે પ્રયત્ન કરી રહ્યું છે, બાખોડિયાં ભરી રહ્યું છે.

માતાજીને પોતાને અનુભૂતિ આવે છે કે તેઓ પોતે વૈશ્વિક - ચેતના મારફત પરમપ્રભુ સાથે એકરૂપ થઈ ગયાં છે. આ એકરૂપતા માતાજીને દિવ્ય-આયોજનની ઝાંખી કરાવી રહી છે, જે માતાજી આવી પ્રાર્થનાઓ દ્વારા પ્રગટ કરી રહ્યાં છે.

# દૈનિક જીવનમાં યોગ (૪)

- જ્યોતિબેન થાનકી

## શ્રેષ્ઠ મિત્ર

મૈત્રી, પ્રેમ, કરુણા અને મુદિતા; આ ચાર દૈવી - શક્તિઓ મનુષ્યને ઊર્ધ્વમાર્ગે લઈ જવામાં સહાય કરે છે. મૈત્રી ધ્યેયથી ચલિત થવા દેતી નથી. પ્રેમ મનુષ્યને ઊર્ધ્વમાર્ગે જવાની શક્તિ અને પ્રેરણા આપે છે. કરુણા સર્વ પ્રત્યે આર્દ્રતા અને સંવેદનશીલતા જગાડી આત્મવત્ સર્વભૂતેષુની અનુભૂતિ સુધી લઈ જાય છે અને મુદિતા ઊર્ધ્વગામી જીવનની આહ્‌લાદકતા, પ્રસન્ન મધુરતાથી જીવનને સાર્થક બનાવી દે છે. આ ચારે ય દૈવી-શક્તિઓમાં મૈત્રી એ મનુષ્યને મળેલી એક એવી દિવ્યભેટ છે કે જે તેને સદાય હૂંફ આપે છે, આશ્વાસન આપે છે, દુઃખમાં ટકાવી રાખે છે અને જીવનના ભારને હળવો કરી દે છે. જેને સાચો મિત્ર મળ્યો છે એને પૃથ્વી ઉપરની સર્વશ્રેષ્ઠ વસ્તુ મળી ગઈ છે, કેમ કે સાચો મિત્ર એ વ્યક્તિના આત્માની સહુથી નજીક હોય છે. પણ સાચો મિત્ર મળવો મુશ્કેલ છે.

**સાચો મિત્ર કોને કહેવાય?**

શ્રી માતાજી સાચા મિત્રની પરિભાષા આપતાં કહે છે કે ''આપણો શ્રેષ્ઠ મિત્ર એ છે કે જે આપણને આપણા શ્રેષ્ઠ ભાગમાં ચાહે છે અને આપણે જે છીએ, તેનાથી આપણને ભિન્ન બનવાનું કહેતો નથી.'' મોટેભાગે એવું બનતું હોય છે કે જે બે વ્યક્તિઓના વિચારો, રસના વિષયો સરખા હોય તેઓ ગાઢ મિત્રો હોય છે. પરંતુ દરેકને પોતાના આગવા ખ્યાલો, આદર્શો, માન્યતાઓ, સિદ્ધાંતો વગેરે હોય છે, પોતાના ખ્યાલો અને આદર્શો પ્રમાણે જ પોતાનો મિત્ર જીવે તો એ સાચો મિત્ર ગણાય એવી માન્યતા મનુષ્ય ધરાવતો હોય છે. મિત્ર જે છે, તે જ સ્વરૂપે નહીં; પણ એ પોતાના જેવો બની રહે એ માટે વ્યક્તિ પ્રયત્ન કરે છે. જો એ તે પ્રમાણે ન વર્તે તો તેના ઉપર ગુસ્સે થઈને કહેવા લાગે છે કે તે તેનો સાચો મિત્ર નથી.

પરંતુ આ વિષે શ્રીમાતાજી કહે છે કે, ''વિશ્વમાં બે વસ્તુઓ એક સરખી નથી અને હોવી પણ ન જોઈએ, કેમ કે જો એમ જ હોય તો એક વસ્તુ હોવાને લીધે બીજી વસ્તુ તદ્દન નકામી બની જાય છે. એનો કશો ઉપયોગ રહેતો નથી. હંમેશા એ વાત યાદ રાખવી જોઈએ કે બે ગતિઓ, બે ચેતનાઓ એક સરખી હોતી નથી અને પછી કોઈ પણ માણસ આપણા વિચારને અપનાવે એમ ઈચ્છવાનો અને તેના જીવનમાં વચ્ચે પડવાનો આપણને શો અધિકાર? તમારે દરેક બાબતને તેની યોગ્ય જગ્યાએ મૂકીને સર્વ વિરોધી

વસ્તુઓને એકત્રિત કરતાં, તેમનો સમન્વય કરીને તેને સંવાદમય કરતાં શીખવું જોઈએ.

''તમારે કદી એમ ન ઇચ્છવું જોઈએ કે તમારો મિત્ર તમારા જેવો જ બને. એ જેવો છે, તેવો જ બરાબર છે.''

**શ્રેષ્ઠ ભાગમાં ચાહવું એટલે શું?**

શ્રી માતાજી આનો અર્થ સમજાવતાં કહે છે કે તમે જો નીચેની ભૂમિકામાં સરી પડો, તો તમારા મિત્રે એવી બાબતોમાં તમને બિલકુલ પ્રોત્સાહન ન આપવું જોઈએ. તમે કંઈ ખોટું કાર્ય કરો, ખરાબ ટેવોમાં સરી પડો, ખરાબ વિચારો કરો તો તમારો મિત્ર એમાં તમને બિલકુલ સાથ આપશે નહીં એટલું જ નહીં; પણ તમને આ કાર્યો કરતાં અટકાવશે, તમને ચેતવણી આપશે, એના ભાવિ પરિણામો વિષે તમને સજાગ કરશે, અને તમને તમારી નીચેની ભૂમિકામાંથી ઉપર ઉઠાવશે. એ જ તમારો સાચો મિત્ર કહેવાય.

પરંતુ મોટે ભાગે એવું બને છે કે માણસ જ્યારે પોતાની ચેતનામાંથી નીચે સરી પડે, ત્યારે આવા મિત્રની સોબત એને ગમતી નથી. જે સાચું કહે અને આવાં દુષ્કાર્યો પ્રત્યે ચેતવણી આપે એવો મિત્ર એને દુશ્મન જેવો લાગે છે. આવી નિમ્ન ભૂમિકામાં તેને નિમ્ન ચેતનાવાળા જ મિત્રો કે જે એને આવાં દુષ્કૃત્યોમાં પ્રોત્સાહન આપતા હોય એવા જ મિત્રોનો સંગ ગમતો હોય છે. શાળામાં ઘણાં તોફાની બાળકો સારાં બાળકો સાથે મિત્રતા કરીને તેમને પણ પોતાની ટોળીમાં ભેળવે છે અને પછી સારાં બાળકો પણ શિક્ષકોની ઠેકડી ઉડાડવી, પિરિયડો છોડી દેવાં, બગીચામાંથી ફળોની ચોરી કરવી, કોઈને રંજાડવા વગેરે શીખીને તેઓ પણ પોતાની કારકિર્દી બરબાદ કરે છે. આવા મિત્રો હેતુમિત્રો જ હોય છે. તેઓ કંઈ સાચા મિત્રો હોતા નથી. આવા મિત્રો એવું બિલકુલ જણાવા દેતા નથી કે આ જે કંઈ તેઓ બધા આચરી રહ્યા છે, તે ખોટું છે. ઊલટું તેઓ એવું ઠસાવે છે કે આ ઉમ્મરમાં આ બધી મોજમજા કરી લેવી જોઈએ. અત્યારે નહીં કરીએ તો પછી ક્યારે કરશું? પરંતુ સાચો મિત્ર આવાં દુષ્ટ અને મૂર્ખાઈભરેલાં કાર્યોમાં ક્યારેય સાથ આપતો નથી. જ્યારે તે પોતાના મિત્રને વર્ગનો તાસ છોડીને બહાર રખડવા જવા માટે રોકે છે, અટકાવે છે; ત્યારે વર્ગ છોડીને ભટકવાની ટેવ પડે છે. એ કહેવા લાગે છે કે ''અમે આનંદ કરીએ છીએ, એ તું જોઈ શકતો નથી. એટલે ટોકટોક કરે છે. તું માથાકૂટ ન કર, બહુ મોટો ભણવાવાળો જોયો ન હોય!''

બાળકો જ્યારે શાળામાં આવે છે, ત્યારે ખૂબ ડાહ્યાં અને નિયમિત હોય છે. અભ્યાસમાં એકાગ્ર હોય છે. પણ ધીમે ધીમે તેઓ આવા દુષ્ટ મિત્રોની સોબતમાં આવે છે અને તેમનામાં અનેક દુર્વૃત્તિઓ આવવા લાગે છે. તેઓ શિસ્તનો ભંગ કરવા લાગે છે, અને તેમનું અધઃપતન શરૂ થઈ જાય છે. શ્રી માતાજી કહે છે કે, 'હું આવા લોકોને મિત્ર કહેતી નથી, પણ કટ્ટર શત્રુઓ કહું છું. કોઈ ભયંકર ચેપી રોગથી દૂર રહીએ, એમ

મિત્રોથી દૂર રહેવું જોઈએ.''

**મિત્રોની પસંદગીમાં સાવધાની :**

મિત્રોની પસંદગીમાં મનુષ્યે ખૂબ સાવધ રહેવું. એવા લોકોની સાથે મિત્રતાની વાત તો સંભવ જ નથી. દુષ્ટ લોકોની મિત્રતા ચેપી રોગ જેવી હોય છે. જેમ રોગનો ચેપ એક વખત લાગી જાય તો પછી તેને અટકાવવો મુશ્કેલ બની જાય છે, એ જ રીતે આવા મિત્રોની સંગતમાં સપડાયાં પછી એમાંથી છૂટી શકાતું નથી. એ સંગત ક્ષયનાં જંતુઓની જેમ ધીમે ધીમે માણસની સમગ્ર ચેતનાને કોરી ખાય છે અને જીવનના રસકસ ચૂસીને તેને નિઃષ્પ્રાણ કરી દે છે. આથી જે મિત્રોનાં વચનો આપણને આકરા બાણ જેવા લાગતાં હોય, અને જે આપણને સન્માર્ગે લાવવા કઠોર વચન જ નહીં, પણ જરૂર પડ્યે બે તમાચા પણ મારી શકતો હોય કે હાથ ખેંચીને કુમાર્ગે જતાં અટકાવી શકતો હોય એવા મિત્રની સોબતમાં આપણું જીવન સલામત રહે છે. એટલું જ નહીં પણ એવો મિત્ર જીવનને ઊંચે લઈ જવામાં સહાયક બને છે. શ્રી માતાજીના શબ્દોમાં આવો જ મનુષ્ય શ્રેષ્ઠ મિત્ર બની શકે છે.

---

(પૃ.૮ ઉપરથી)

## માતૃવાણી

સિદ્ધાંતને સમજી શકતું નથી. નાના બાળકો જેમ સમજણ વધતી જાય છે તેમ ચૈત્યપુરુષનો સંપર્ક ગુમાવવતાં બાળકોની આંખમાં જે નિખાલસા, નિર્દોષતાનો પ્રકાશ કે ચમક હોય છે તે ચૈત્યપુરુષનો પ્રકાશ જ હોય છે. તે જગતને આશ્ચર્ય અને કુતૂહલથી જોતું હોય છે તે ચૈત્યપુરુષનું જ હોય છે. તમે જો કોઈ બાળક તરફ પ્રેમ, માયાળુતા કે રક્ષણનું આંદોલન મોકલશો તો તે બાળક તરત સભાન બની તમારી તરફ જોવા માંડશે.''

''તો માતાજી, બાળકને નાનું તો ન જ કહેવાય ને?''

''કેમ નહિ, કોઈ કોઈ પ્રાણીઓના ચૈત્યપુરુષ પણ સભાન હોય છે એવા દાખલા છે પણ તે બાળકના ચૈત્યપુરુષ જેવા બંધાએલાં હોતા નથી. બિલાડી બાળકો માટે પોતાનો ભોગ ઘરી દે છે. તેમનું માતૃપ્રેમ ગજબનું હોય છે. બિલાડી પોતાના બચ્ચાને શિકાર કરતાં શીખવે છે તેવું કોઈ ન શીખવી શકે. પ્રાણીઓમાં પણ ચૈતસિક તત્ત્વની હાજરી હોય છે, પણ નિરાકાર, પ્રવાહી અને સામૂહિક સ્વરૂપની હોય છે.''

''માતાજી, મને નાનપણમાં ખોટું બોલું કે વર્તું ત્યારે ખૂબ બેચેની થતી, તે પછી હું પોતે જ તેવું ન વર્તવાનો નિર્ણય લેતો પણ મારા માતા-પિતા મને ખૂબ ધમકાવતાં.''

''ના, તેમણે ધમકાવવું ન જોઈએ, સાચી સમજણ આપવી જોઈએ. સાચા વર્તન માટે પ્રોત્સાહન આપવું જોઈએ. મા-બાપો પણ ભૂલ કરે છે જ.''

# માતૃવાણી

- શ્રી માતાજી

## બાળકોને જરૂરી જ્ઞાન

### અવતરણો

(માતૃવાણી - ૪, પૃ.૨૬-૩૪)

૧ પ્રવૃત્તિનાં પ્રદેશમાં બધી વસ્તુઓનો અંત હંમેશા ખરાબ રીતે આવતો હોય છે. પૃ.૨૬

૨ સત્ય કેવી રીતે પોતાને પ્રગટ કરે છે તે જાણવા માટે આપણે વિશ્વરૂપ દૃષ્ટિથી જોવાનું રહે છે. પૃ.૨૭

૩ જગતમાં પ્રગતિ થઈ રહેલી છે. વસ્તુઓ વધુ ને વધુ સારી બનતી જાય છે. પૃ.૨૮

૪ બાળકને આ વસ્તુ ઘણી સારી રીતે સમજાવી શકાય છે..... જે વસ્તુઓ સમતુલામાં રહેલી હોય છે તે જ માત્ર પોતાની સ્થિતિ જાળવી રાખે છે. પૃ.૨૯

૫ અંદરની બાજુએ એક વાસ્તવિકતા રહેલી છે..... તેમની અંદર, વિશ્વની અંદર. પૃ.૩૦

૬ શાશ્વત વસ્તુ તો એ છે - 'તત્'. પૃ.૩૦

૭ બાળકમાં..... ચૈત્યપુરુષની હાજરી સભાન રીતની હોય છે તો એમ તો ન જ કહી શકીએ ને કે બાળક - એક નાનું જાનવર છે ?..... પ્રાણીમાં તીવ્ર રીતનું ચૈત્ય સત્ય હોય છે..... પ્રાણી કરતાં બાળકમાં ચૈત્યપુરુષ થોડો વધારે બંધાએલો હોય છે.પૃ.૩૨

૮ બાળકોને કદી ઠપકો ન આપશો.....

**સમજૂતી** - માનસિંહ ચાવડા

માતાજી, ઑગસ્ટ ૧૯૬૦ના બુલેટિનમાંથી 'બાળકે શું જાણવું જરૂરી છે ?' તે લેખના અંશ વાંચે છે.

જગતમાં અસત્ય અને દુષ્ટતા જ વિજયી થતી દેખાય છે, સારી વસ્તુ બહુ ટકતી નથી અને તેનો અંત ખરાબ જ આવે છે. તેથી ઘણા ગુરુઓ કહે છે આ જગતમાંથી જલદી ભાગી નીકળશો તો જલદી સુખી થશો.

''મધુર માતાજી, સત્યનો વિજય થાય છે એ સત્ય માનવું ખૂબ જ મુશ્કેલ થાય છે. તો માતાજી નાના બાળકોને તે કેવી રીતે સમજાવવું ?''

''પણ બેટા, આપણે હકારાત્મક રીતે તેમને સમજાવવાનું હોય છે. એમ કહો કે પ્રભુનો આવિર્ભાવ જગતમાં ધીમે ધીમે થઈ રહ્યો છે. જ્યારે તે પૂરેપૂરો થયો હશે ત્યારે જગતમાં દુઃખ અને યાતના, દુષ્ટતા અને અસત્ય નહિ રહે.''

''માતાજી, બાળક તો એમ જ માને છે કે પ્રભુ જગતથી જુદા છે.''

''ના, તેવો ખ્યાલ બંધાવો યોગ્ય નથી.''

''તો માતાજી, પ્રભુની દિવ્યતા અને તેમાં ન્યાયનો ખ્યાલ બાળકોને કેવી રીતે સમજાવવો ? તે બાબત આપણે બહુ જાણતાં નથી. વાસ્તવિક જગતમાં તેવો ન્યાય દેખાતો પણ નથી !''

''પણ જગત પ્રગતિ કરી રહ્યું છે. તેમાં વસ્તુઓ સારી બની રહી છે. જગતમાં જે અશુભ છે, અસત્ય છે, વેદના આ બધું અસમતુલાનું પરિણામ છે. જેમનામાં ઊર્ધ્વદૃષ્ટિ ખીલી છે તેમને મારું કહેવું તરત સમજાઈ જશે.''

'' પણ માતાજી, બાળકોને કેવી રીતે સમજાવવી ?''

''ભૌતિક દાખલાઓ આપીને. દા.ત. જે વસ્તુની સમતુલા જળવાતી નથી, તે ગબડી પડે છે. જ્યારે જેમની જળવાય છે તે યથાવત્ રહી શકે છે. તેમને જણાવો બાળકથી કોઈને વાગી જાય તો તેને દુઃખી થતો જોઈ બાળકને પણ તકલીફ થાય છે, તે બેચેની અનુભવે છે. આવી બેચેની એ તેની નૈસર્ગિક ચેતનાની સમતુલા ખોઈ બેસવાની નિશાની છે. આંતરિક ચૈત્યપુરુષ તેને વખોડે છે તેનું આ પરિણામ હોય છે. માણસ બહારથી કેવો પણ હોય, તેનો ચૈત્યપુરુષ એવી વસ્તુ છે જે શુભ અને અશુભને તરત સમજે છે અને તે મુજબ સંવેદનો નિર્માણ કરે છે. તે પોતાના સ્વરૂપથી ઊલટી વસ્તુઓનો વિરોધ કરે છે ત્યારે તે બેચેની અનુભવે છે.તમારી પ્રગતિ માટેનો નિશ્ચિત સિદ્ધાંત તમને કોઈ આપી નહિ શકે, કારણ એક જ વસ્તુ બાબત વિવિધ મતાંતરો હોય છે. સાચો માર્ગદર્શક ફક્ત ચૈત્યપુરુષ છે. તે માનસિક ખ્યાલોથી સદા મુક્ત હોય છે, પણ ખોટી કેળવણી આ ચૈત્યપુરુષને અંદર ધકેલી દે છે. તેને મૂર્છિત કરી નાંખે છે. તેથી બાળપણમાં જ બાળકોને શીખવવું જરૂરી છે કે અંદર જે સાચી વાસ્તવિકતા છે તેના જ આધારે આ સમગ્ર જગત ઊભું છે. તેના આધાર વગર તે નાશ પામ્યું હોત. તેથી તેનો વિજય નિશ્ચિત છે. કોઈપણ વિરોધી વસ્તુ તેની સામે વધુ વખત નહિ ટકે. તેને સમજાવો - તેની પેલી આંતરિક વાસ્તવિકતા મુજબ જ્યારે તે વર્તે છે ત્યારે તેને જીવન સુખમય આનંદમય લાગે છે. તૃપ્તિ અને આરામ જણાય છે. સંતોષ અનુભવાય છે. આ જ સુખનો માર્ગ છે.''

''પણ માતાજી, મોટા માણસની જેમ બાળક ચૈત્યપુરુષ બાબત સભાન બની શકે ?''

''બાળક વધારે સભાન જ હોય જ છે. તે બાબત તે સીધેસીધું અનુભવે છે. હા, બાળક

(પૃ.૬ ઉપર)

# ગીતાનિબંધો

- શ્રી અરવિંદ

## પરમ રહસ્ય પ્રતિ

(પૃ.૬૧૯-૬૩૩)

**અવતરણો** - પ્રકરણ - ૧૯

૧ આત્માની વિશાળતામાં..... છૂટથી વિહરવું એ પ્રકારની મુક્તિ આપણી પૂર્ણતાને માટે આવશ્યક છે. પૃ. ૬૨૦

૨ ગીતા અસલના સમન્વયનો પાયો અને વસ્તુને જાળવી રાખે છે, પરંતુ વિકાસ પામતા આધ્યાત્મિક અનુભવના પ્રકાશમાં એના બાહ્ય સ્વરૂપને બદલી નાંખે છે.પૃ. ૬૨૧

૩ ત્યાગીનો સંન્યાસ અને ગીતાનો માર્ગ બન્ને એક બાબતમાં એકમત છે કે..... એણે બાહ્ય વસ્તુઓની એને બહિર્મુખ કરનારી માગણીને પોતાનામાંથી બહાર ફેંકી દેવી જોઈએ.પૃ. ૬૨૨

૪ એનાથી ઊર્ધ્વમાં આપણી આધ્યાત્મિક સત્‌તાની વધારે ઉચ્ચ પ્રકારની પ્રકૃતિ તથા આત્મા બન્ને છે.પૃ. ૬૨૩

૫ બીજી વધારે મહાન શક્તિ અને સંન્નિધિને..... હિંદનાં દર્શનમાં આત્મા તથા નિર્વૈયક્તિક બ્રહ્મ કહેવામાં આવે છે.પૃ. ૬૨૩

૬ અક્ષરબ્રહ્મ વિશ્વરૂપી ક્રિયાને જુએ છે તથા ટેકો આપે છે પરંતુ પોતે તેમાં ભાગ લેતું નથી. પૃ. ૬૨૩

૭ પુરુષ અને પ્રકૃતિના છૂટાછેડા કરવામાં આપણી મુક્તિનું સંપૂર્ણ સત્ય સમાઈ જતું નથી. પૃ. ૬૨૫

૮ બ્રહ્મભૂય થવું (૧૮.૫૩) એ આપણો સમગ્ર ઉદ્દેશ નથી.પૃ. ૬૨૫

૯ (તે) મદ્‌ભાવ (૧૪.૧૯) પ્રગટ કરવા માટેનો આવશ્યક વિશાળ પાયો છે.પૃ. ૬૨૫

૧૦ બિનંગત પુરુષ નીરવ છે.પૃ.૭૨૫

૧૧ આપણી ચેતનામાં એ અક્ષર બ્રહ્મસ્વરૂપ થવું એ આ યોગની પહેલી ક્રિયા છે.પૃ. ૬૨૭

૧૨ તો પછી એ સાધના કેવી રીતે કરવાની છે ? આપણી વિશુદ્ધ થએલી બુદ્ધિને બુદ્ધિયોગ વડે આપણામાં જે શુદ્ધ આધ્યાત્મિક તત્ત્વ છે તેની સાથે યુક્ત કરીને

**(બુદ્ધયા વિશુદ્ધયા યુક્તઃ (૧૮.૫૧) સમગ્ર સત્તાના ઉપર સંયમ કરવાનો છે (આત્માનં નિયમ્ય ૧૮.૫૧) પૃ. ૬૨૭**

**૧૩ જ્યારે માણસ 'બ્રહ્મભૂત' થાય છે ત્યારે પ્રસન્ન આત્મા શોક કે આકાંક્ષા કરતો નથી..... સમતાવાળો બને છે, ત્યારે મારી પરમ ભક્તિને પામે છે.પૃ. ૬૩૦**

**૧૪ જે માણસને 'મુક્તસ્ય કર્મ' કરવાને લાયક બનાવે છે.પૃ. ૬૩૧**

**૧૫ યાવાન્યશ્ચાસ્મિ તત્ત્વતઃ અભિજાનાતિ- (૧૮.૫૫) (હું જેવા પ્રકારનો અને જેવો છું તે સમગ્ર રીતે જાણે છે.) પૃ. ૬૩૧**

**૧૬ તે પુરુષોત્તમમાં પ્રવેશ કરે છે માં વિશતે તદનંતરમ્ (૧૮.૫૫) પૃ. ૬૩૨**

## **સમજૂતી** - માનસિંહ ચાવડા

ગીતાનો કેન્દ્રિય ઉપદેશનો પાયો ભગવાન શ્રીકૃષ્ણ અઢારમાં અધ્યાયમાં સાત શ્લોકમાં સારાંશમાં ફરી જણાવે છે.

શ્રીકૃષ્ણ સમન્વયાત્મક દૃષ્ટિકોણથી આગળ વધે છે અને આત્માનાં સર્વ પાસાંઓની યથાયોગ્ય અભિવ્યક્તિને પૂર્ણતા સમજે છે. તેથી તેમનું સત્ય બધા ધર્મોની પેલેપાર રહ્યું છે, એમ જણાવે છે. ધર્મ કાયમ આત્માની એક અભિવ્યક્તિને જ મહત્ત્વ આપવાનું વલણ રાખે છે, તેથી પોતાના સત્યને તે ગુહ્યતમમ્ (૧૮/૬૩) કહે છે.

સમન્વયાત્મક દૃટિષ્કોણથી શ્રીકૃષ્ણ જણાવે છે કે કર્મ કરવા છતાં ઉચ્ચતમ આત્મસ્થિતિમાં રહી શકાય છે. કર્મ કરતી વખતે સાહજિક રીતે આત્મભાવ ટકાવવો મુશ્કેલ જરૂર છે, પણ અશક્ય નથી. તેથી સંન્યાસમાર્ગી જીવનને અને કર્મને ભ્રમ ગણી મૂળ સમેત સમસ્યા કાપીને ઉકેલ લાવવા માગે છે, પણ તે સર્વોત્તમ ઉકેલ નથી.

ગીતાની વિશાલતા એ છે કે તે આ સારભૂત ઉપદેશમાં જે શબ્દપ્રયોગો કરે છે તે બાહ્યતઃ સંન્યાસમાર્ગી લાગતા હોવા છતાં તેના મૂળ ગહન આંતરિક અર્થમાં સમન્વયાત્મક છે. ગીતા સંન્યાસમાર્ગની શ્રદ્ધાને ધક્કો મારવા ઇચ્છતા નથી, પણ વધારે વિશાળ સત્યમાં આરોહણ કરવાનો આગ્રહ રાખે છે.

સંન્યાસી અને સાચો ત્યાગી બન્નેની સહમતી ત્રણ બાબતમાં છે કે (૧) મનની બહીર્મુખતા યોગમાં છોડવી જરૂરી છે. (૨) નીરવ નિષ્ક્રિય બ્રહ્મને સક્રિય પ્રકૃતિનાં કાર્યકલાપોમાંથી છૂટો પાડવો જરૂરી છે. (૩) નૈષ્કર્મ્યસિદ્ધિ આંતરિક રીતે પ્રાપ્ત કરવી જરૂરી છે. આ માટે ગીતા જણાવે છે કે (૧૮/૪૯) સર્વક્ષેત્રમાં આનાસક્ત, સંયત મનવાળો, કામનાઓથી મુક્ત બનેલો એવો આંતરિક-સંન્યાસી જ નૈષ્કર્મ્યસિદ્ધિ પ્રાપ્ત કરી શકે છે. આ અવસ્થામાં નિમ્નપ્રકૃતિના, અપરાપ્રકૃતિનાં કાર્યો યોગીને પોતાના

લાગતાં નથી.

પણ આ અવસ્થાની ઉપર એક આપણું આત્માનું ચૈત્યપુરુષ તરીકે અસ્તિત્ત્વ છે અને તેની દિવ્ય-પ્રકૃતિ પણ ત્યાં છે. તે પ્રકૃતિ ચૈત્યપુરુષ આત્મભાવને સાચા અર્થમાં પોતામાં ધારણ કરી શકે છે. તેના પ્રકાશમાં, વિશાલતામાં અને દિવ્યતામાં સ્થિર રહેતાં શીખવું જરૂરી છે.

આથી પણ ઊર્ધ્વમાં અન્ય ઉચ્ચ આધ્યામિક સ્થિતિ છે તે છે અક્ષરબ્રહ્મની. તેમાં આત્મતત્ત્વ દિવ્ય-પ્રકૃતિનાં કાર્યોમાં પણ ભાગ લેતું નથી પણ તેને ટેકો આપીને સાક્ષીભાવે રહે છે. તેને નીરવ-બ્રહ્મ પણ કહે છે, અચલં બ્રહ્મ પણ કહે છે. ત્યાં અહંતા હોતી જ નથી.

આગળ જતાં શ્રીકૃષ્ણ (૧૮/૫૦) શ્લોકમાં જણાવે છે કે આ જ્ઞાનયોગીની અક્ષરબ્રહ્મની સ્થિતિ કરતાં પણ શ્રેષ્ઠ આધ્યાત્મિક અવસ્થા છે. આ અક્ષરબ્રહ્મની અવસ્થામાં પુરુષ-પ્રકૃતિ ભેદ રહે છે. તેને વટાવીને આ શ્રેષ્ઠ અવસ્થા પ્રાપ્ત થાય છે. તેમાં પ્રકૃતિ પણ બ્રહ્મભાવ ધારણ કરીને બ્રહ્મભૂત બની જાય છે. આવો બ્રહ્મભૂત યોગી પરામાત્મા પ્રત્યે પરમ-ભક્તિ પ્રાપ્ત કરે છે. (મદ્‌ભક્તિ લભતે પરામ્ ૧૮/૫૪) આ પરા-ભક્તિમાં ભક્તિ હોવા છતાં ભક્ત-ભગવાનનું દ્વૈત રહેતું નથી. યોગી વ્યક્તિતા સાચવી રાખે છે, પણ તે પરબ્રહ્મની અભિવ્યક્તિમાં બાધારૂપ ન બનતાં ઉપયોગી આવિર્ભાવ કેન્દ્ર બની જાય છે. અહીં યોગી પોતે પોતાના સ્વરૂપને (સાકાર અને નિરાકાર) બ્રહ્મ તરીકે જ ઉપાસે છે અને તેથી તેનાં કાર્ય 'મુક્તસ્યકર્મ' બની જાય છે.

આ પરાભક્તિનાં પરિણામ સ્વરૂપે શું થાય છે તેનું વર્ણન શ્રીકૃષ્ણ નીચેનાં વિધાનો દ્વારા કરે છે :

(૧) આ ભક્તિથી હું જેવો અને જેટલો વાસ્તવિક સ્વરૂપે છું તે યોગી જાણી લે છે. ભક્ત્યામાં અભિજાનાતિ યાવાંન્યશ્ચા સ્મિ તત્ત્વતઃ (૧૮/૫૫)

(૨) મને તે સંપૂર્ણરીતે જાણે છે અને તેથી મારા સ્વરૂપ સાથે એકરૂપ થઈ જાય છે (માં વિશતે તદનંતરમ્ (૧૮/૫૫)

(૩) અંતે શાશ્વત અને અવિનાશી સ્થિતિ પ્રાપ્ત કરે છે (શાશ્વતં મદમવ્યયમ્ (૧૮/૫૮)

આવી પરમોચ્ચ સ્થિતિ પ્રાપ્ત કરવા છતાં તેને કર્મ છોડવાં પડતાં નથી (સ્વકર્માણ્યપિ-સદા કુર્વાણો - (૧૮/૫૬). આ કર્મો કરવાની છૂટ આપવામાં આવે છે કારણ તેની દ્વારા જ પુરુષોત્તમ - ચેતના પોતાના સંકલ્પોને સાકાર કરતાં હોય છે.

આમ ૧૮મા અધ્યાયમાં ૪૯ થી ૫૬ આ સાત શ્લોકમાં જ પરમ-ગુહ્યજ્ઞાનની ભૂમિકા બંધાય છે.

# માનવવિકાસ ચક્ર
- શ્રી અરવિંદ

પુસ્તક પરિચય - **કે.કે.ખખ્ખર**

**(લેખ ક્રમાંક - ૧૫)**

## સંસ્કૃતિ અને સંસ્કારિતા - ૨

આપણે આ અગાઉ જોયું કે કહેવાતા સુસંસ્કૃત સમાજનો આર્થિક માણસ મહ્દ અંશે શારીરિક અને ભૌતિક જીવનમાં આસક્ત હોય છે. તે મોજશોખ અને ખાનપાનની પ્રવૃત્તિમાં વિશેષ રુચિ ધરાવતો હોય છે અને પોતાની અહંકારવૃત્તિમાં જીવતો હોય છે. શ્રી અરવિન્દ આવા માણસને 'આર્થિક-બર્બર' પ્રકારનો હોવાનું ઠરાવે છે. તે વધુ પડતો ધંધા-રોજગારમાં રચ્યો-પચ્યો રહે છે અને ઘરરખ્ખુ હોય છે. તેનામાં જીવનનાં સૌંદર્ય-યુક્ત તત્ત્વો અને રસવૃત્તિ તરફ લગાવ હોતો નથી. તે બુદ્ધિશાળી હોવાનો વહેમ ધરાવતો હોય છે અને ક્રિયા કરતાં વધુ પ્રતિક્રિયાથી જીવતો હોય છે. તે સંસ્કારી દેખાતો હોવા છતાં પ્રાકૃત હોવાનું જણાય છે. શ્રી અરવિન્દ તેને 'સુધરેલો બર્બર' કહે છે. તેની કહેવાતી સંસ્કારિતા દંભ અને દેખાવનો વિષય હોય છે. ખરા અર્થના સંસ્કારી માણસો કરતાં પણ નૈતિક સદાચરણો માટેનો તેનો આગ્રહ ઘણો વધારે હોય છે. તે વ્યક્તિગત ગમા-અણગમા, પૂર્વગ્રહો અને ચીલાચાલુ માન્યતાઓથી ભરેલું જીવન જીવે છે.

શ્રી અરવિન્દે માનવવિકાસચક્ર પુસ્તકમાં આ સ્થૂળ-બુદ્ધિના માણસમાં આવી રહેલાં પરિવર્તનની વાત કરી છે. શ્રી અરવિન્દ કહે છે કે શિક્ષણ, જ્ઞાન-વિજ્ઞાનનો વિકાસ અને નિતનવી બૌદ્ધિક વાતો અને વિચારોએ હવે આ સ્થૂળ-બુદ્ધિના માનવીને માનસિક રીતે વધુ સક્રિય બનાવવાનું કાર્ય કર્યું છે. તે નવા વિચારોના વંટોળની આડે હાથ દઈ શકે તેમ નથી. પરંતુ આ અર્ધ-સંસ્કારી અને અર્ધ-જાગૃત માણસ પોતાની મર્યાદાઓથી મુક્ત થયો નથી. તે એક તરફ નવા વિચારોને પકડે છે, તો બીજી તરફ તેને છોડી દે છે ! એટલું જ નહીં પરંતુ તેણે પકડેલા વિચારોમાં ગોટાળા પણ કરી બેસે છે. તે આદર્શોને સાચી રીતે અને ખોટી રીતે, એમ બન્ને રીતે સમજી શકે છે ! આ માણસ છાપાં, કવિતા, નવલકથા અને નાટકો વાંચી શકે છે તથા કવિઓ, લેખકો અને કળાકારોની પ્રસંશા પણ કરી શકે છે; પરંતુ તેની સૌંદર્યદૃષ્ટિ અને રસવૃત્તિ ધૂંધળી અને અસ્પષ્ટ હોય છે. આથી પણ આગળ ચાલીને તે કલા અને સાહિત્યના મહત્ત્વને પિછાણી શકે છે અને વિજ્ઞાન તથા શોધખોળોના દરવાજા

ખટખટાવી જાણે છે. તે રાજકારણના ઘાટ ઘડી શકે છે અને અરાજકતા પણ ફેલાવી શકે છે. તે વર્ગ-વિગ્રહો છેડી શકે છે અને તેનાં સમાધાનો પણ શોધી આપે છે. તો સ્ત્રી-મુક્તિનો વિરોધી હોવાની સાથે જ તેને માટે લડી પણ શકે છે. તેની જૂની, સ્થૂળ બર્બરતાના સ્વરૂપમાં ઝડપથી પરિવર્તન આવી રહ્યું છે. તેનામાં સંસ્કારિતા અને ચતુરાઈની છાંટ ઉમેરાઈ હોવાનું જાણવા મળે છે.

આ બધાંની વચ્ચે ઉચ્ચ સંસ્કારિતા ધરાવતા લોકોનો એક વર્ગ ઊભો થયેલો જોઈ શકાય છે તેમ શ્રી અરવિન્દ જણાવે છે, પરંતુ તેમની સંસ્કારિતાનો લાભ ખાટવા માટે આગળ જણાવેલા અર્ધ સંસ્કારી લોકો આગળ ધસી આવતા અને સંસ્કારી લોકોને બાજુએ હડસેલીને પ્રથમ હરોળમાં ગોઠવાઈ જતા જોઈ શકાશે. શ્રી અરવિન્દ આપણને સમજાવે છે કે વર્તમાન સંસ્કૃતિના કેન્દ્રમાં હજુ પણ અહંકારયુક્ત વ્યાપારીવૃત્તિએ પોતાનો અડ્ડો જમાવેલો છે. આમ છતાં, પ્રાણની નીચી ભૂમિકાએ રહેલો માણસ ઉપરની દિશાએથી પ્રેરણા મેળવવા ઈચ્છતો હોય છે. તેનામાં હવે અનેકવિધ માહિતીની ભૂખ જાગી છે. પોતે જેને સમજી શકે અને અપનાવી શકે તેવા નવા વિચારોની જરૂરિયાત તે અનુભવે છે.

બદલાયેલી પરિસ્થિતિમાં બુદ્ધિશાળી અને સંસ્કારી લોકો માટે તેમના વિચારોને અમલમાં લાવવાની તક મળી છે. આ માટે તેમણે સામાન્ય જનસમાજને પ્રોત્સાહિત કરવો પડશે અને પોતાના વિચારોને લોકભોગ્ય પણ બનાવવા પડશે.

શ્રીઅરવિન્દ જણાવે છે કે મહત્ત્વની વાત એ છે કે પહેલાના વખતનો સ્થૂળ બુદ્ધિનો સંસ્કારિતા સંબંધી કોઈ વાત સાંભળતો જ ન હતો, તે હવે સંસ્કારી લોકોની બૌદ્ધિક વાતો સાંભળતો થયો છે. શ્રી અરવિન્દ તેને પરિવર્તન માટેની મહત્ત્વની તક તરીકે જુએ છે. આ માટે જનમાનસની રુચિઓ અને પસંદગીઓ મુજબ તેમની સાથે કુનેહપૂર્વક વાતો કરવી જરૂરી છે. શ્રી અરવિન્દે વિગતપૂર્વક સમજાવે છે કે લોકોનું મનોમય જીવન હવે ઊર્ધ્વ ભૂમિકા પર આવી રહ્યું છે. સામાન્ય લોક-જીવનનાં નવાં સંવેદનો અને ઊર્મિઓ દાખલ થઈ રહ્યાં છે. તેમના જીવનમાં અપરિપકવ છતાં વિરાટ કહી શકાય તેવું પરિવર્તન આવતું જણાય છે. આ પરિવર્તન અસ્પષ્ટ હોવા છતાં અસરકારક બની શકે તેવું છે. તે લોકોમાં નવાં સંકલ્પો જગાડી શકવાની તાકાત ધરાવે છે. નવસર્જનની આ પ્રક્રિયા દ્વારા લોકો તેમના મનોમય સ્વરૂપને એક સુસંસ્કૃત માનવતા સ્વરૂપે શક્ય તેટલા વધુ પ્રમાણમાં વિકસાવી શકશે.

# સાવિત્રી

- શ્રી અરવિંદ

**સમજૂતી** - માનસિંહ ચાવડા

Savitri B-1, C-3 P 36-37

## રૂપાંતરનો આરંભ

પ્રકરણ - ૯૫

અશ્વપતિની ચેતના અવચેતનમાં ઊતરી છે. અવચેતન શરીરનાં અમુક ભાગમાં જ સંગ્રહિત છે એવું નથી. શરીરનો આધાર શારીરિક કોષો છે. આ કોષોમાં એકથી એક સૂક્ષ્મ પાંચ આવરણો હોય છે, જેને ''કોષ'' કહે છે. સહુથી જડ, ઘનીભૂત અને સહુથી નાનો કોષ પાર્થિવ કોષ છે. તે જ આપણને દેખાતો હોય છે. તેનાથી સૂક્ષ્મ તેમાં ઓતપ્રોત અને થોડોક બહાર ફેલાએલો પ્રાણયમ કોષ છે. આવી રીતે તેમનાથી પણ ઉત્તરોત્તર સૂક્ષ્મ અને તે જ રીતે ઓતપ્રોત થઈને થોડાક વધારે બહાર ફેલાએલાં ક્રમશઃ મનોમય, વિજ્ઞાનમય અને આનંદમય કોષ છે. આ પાંચ આવરણોને પોષણ આપનાર પાંચ પ્રાણમય-શક્તિઓ છે. આ કોષનાં બધાં જ આવરણોમાં, કોષોમાં નાડીજાળ ફેલાએલું હોય છે, જેની ઉપર પણ ઉપર મુજબ જ પાંચે કોષોનાં આવરણો હોય છે, પણ પોતે પોતાના ક્ષેત્રમાં જ. દા.ત. કોષોના પાર્થિવ કોષમાં પાંચે આવરણો હોય છે. તે પછીનાં પ્રાણમય કોષમાં પાર્થિવ આવરણ છોડી અન્ય ચાર જ આવરણો હોય છે. આમ, ઘટતા ક્રમે છેલ્લા આનંદમય કોષમાં ફક્ત આનંદમય આવરણનું જ નાડીજાળ હોય છે.

કોષનાં કેન્દ્રમાં અવચેતન ભૂતકાળનાં સંસ્કારો રૂપે રહેલ છે અને તેની પણ અંદર શુદ્ધ ચેતના રહેલ છે. શુદ્ધ ચેતના હજી સુષુપ્ત હોવાથી તેની હાજરીમાત્રથી અવચેતન સક્રિય થઈને જૂના સંસ્કારોનાં આંદોલનો સતત નિર્માણ કરતું હોય છે જે નાડીજાળ મારફત ફેલાઈને તે કોષને સંચાલિત કરતાં હોય છે. આવી રીતે અવચેતન કોષો ઉપર રાજ કરતું હોય છે.

અશ્વપતિને આ બધી સમજણ આવી ગઈ હતી અને તેથી તેણે કોષોનાં ઉપર જે અવચેતનનો પ્રભાવ છે તેને કારણે બધિર બની ગએલાં કોષોનાં અંગો ઉપર પોતાના ચૈત્યપુરુષનો પ્રભાવ પાડવાનું શરૂ કર્યું. આને કારણે કોષો ઉપર ચડી ગએલો અવચેતનનો કાટ જાણે ઉખેડવાની પ્રક્રિયા શરૂ થઈ. શ્રી અરવિન્દ જણાવે છે કે જેમ શિલ્પકાર પથ્થરની અંદર રહેલ ગુપ્ત મૂર્તિના ઉપરનો નકામો ભાગ છીણીથી તોડીને

ધીમે ધીમે મૂર્તિને કંડારે છે તેમ અશ્વપતિએ કોષોમાંની અચેતન, અવચેતનની મલિનતાઓનો મળ ઉખેડી નાખીને કોષોને દિવ્ય-કરવાનો પ્રયત્ન આદર્યો. શ્રી અરવિન્દ અવચેતન અને અચેતનની મલિનતાને dark envelop કહે છે અને લખે છે કે

As a sculpter chisels a diety out of stone
He slowly chipped off the dark envelop.

આ અવચેતન અને અચેતન ખરેખર શું છે ? તો શ્રી અરવિન્દ જણાવે છે કે તે મલિન, અપરા, પ્રકૃતિની પોતાના બચાવની બચાવ હરોળ છે, defence - line છે. પોતાનું અસ્તિત્ત્વ ટકાવવા મલિન અપરા પ્રકૃતિએ રચેલી તે એક યુક્તિ છે. અચિત્‌ને શ્રી અરવિન્દ અહીં Nature's Ignorance કહે છે. તે અચિત્ અથવા અચેતને નિર્માણ કરેલ ભ્રમ છે, ભ્રાંતિ છે, આભાસમાત્ર છે અને તેમાં જ તેની માયાવી તાકાત રહેલ છે. શ્રી અરવિન્દ લખે છે કે

Line of defence of Nature's ignorance,
The illusion and mystery of the Inconscient

કોષોમાં રહેલ અવચેતનનું આ કાળું કફન ઓઢીને પરા - ચેતનાના મુખરૂપ ચૈત્યપુરુષ પોતે છુપાઈને બેઠો છે. તેને પડદા પાછળ રહીને જ અવ્યક્ત રહીને જ કામ કરવાની ઈચ્છા છે. રાજા નગરચર્યા માટે અંધેરપછેડો ઓંઢીને પોતાની ઓળખાણ છુપાવે તેમ ચૈત્યપુરુષે આ અવચેતન - અચેતનનો અંધેરપછેડો ઓઢી લઈ પોતાને છુપાવી રાખ્યો છે. ઉત્ક્રાંતિની આગલી હરોળમાં રહેવા માંગતો અહંકાર એમ સમજે છે કે પોતે જ પુરુષાર્થથી પોતાનો વિકાસ સાધી રહ્યો છે અને પાછળથી ચૈત્યપુરુષ સ્મિત સાથે સંચાલન કરતો જાય છે.

શ્રી અરવિન્દ આ સંચાલનને વૈશ્વિક કાળમાંનું સંચાલન કહે છે. In Cosmic Time એમ જણાવે છે, કારણ દરેક જન્મે ચૈત્યપુરુષ તો એક જ રહે છે. તે બદલાતો નથી શરીર બદલાય છે; તેથી તેનું સંચાલન તો જન્મોજન્મ ચાલતું જ હોય છે અને તે જન્મમરણનાં ફેરામાંથી મુક્ત ન થાય ત્યાં સુધી ચાલતું જ રહેવાનું છે. તેથી તેના કાળને અનેક જન્મોને આવરી લેતો વૈશ્વિક-કાળ Cosmic-Time તરીકે વર્ણવેલ છે. શ્રી અરવિન્દ લખે છે કે

In whose black pall the Eternal wraps his head
That he may act unknown in Cosmic Time.

ચૈત્યપુરુષ આ જે સંચાલન કરતો હોય છે તેને અદ્‌ભુત માર્ગદર્શન અને પ્રેરણા

આપવાનું ચેતનાના ઊર્ધ્વ પ્રદેશમાંથી કરવામાં આવે છે. ચૈત્યપુરુષ આ સંચાલનથી ખરેખર તો પોતાની જ દિવ્ય-પ્રકૃતિની રચના કરતો હોય છે. તે self creation છે અને તે પ્રકાશમય દિવ્ય-પ્રકૃતિમાંથી રચાતું હોવાથી અદ્ભુત લાગે છે, જેને શ્રી અરવિન્દ 'splendour' કહે છે. અને આવી દિવ્ય-રચનાને કારણે કોષોના કેન્દ્રનાં ઊંડાણમાં રહેલ અવચેતન અને અચેતનમાં ઘણો બધો રૂપાંતરનો પ્રકાર શરૂ થઈ ગયો હતો, તે સમગ્ર ખૂબ જ ગૂઢ પ્રક્રિયા લાગતી હતી. શ્રી અરવિન્દ લખે છે કે

A splender of self creation from the peaks,
A transfiguration in the mystic depths.

શ્રી અરવિન્દ જણાવે છે કે આ પ્રકારે જો રૂપાંતરનું કાર્ય આગળ વધતું રહે તો આજે છે તેના કરતાં વધારે આનંદદાયક વૈશ્વિક કક્ષાનું કાર્ય શરૂ થશે અને અશ્વપતિમાં એક નવા જ વિશ્વના સ્વરૂપનો ઘાટ રચાશે. શ્રી અરવિન્દ લખે છે કે

A happier cosmic working could begin
And fashion the world-shape in him anew.

આ નવું જગત કેવું હશે તે શ્રી અરવિન્દ જણાવે છે : આ નવા જગતમાં પ્રભુને અવ્યક્ત નહિ રહેવું પડે. તે જગતમાં પોતાને સાકારરૂપે વિહરતો જોશે અને પ્રકૃતિ પ્રભુને વ્યક્ત કરીને પોતે ધન્યતા માણશે. બન્નેને સંતોષ થશે. આ પ્રકારે વિશ્વને કંડારવાની ક્ષમતા અશ્વપતિને પોતામાં છે એનો તે વિશ્વાસ કેળવતો થયો હતો, કારણ તેનું જીવન ઉચ્ચત્તમ આત્માને જ અનુસરવા માંડ્યું હતું અને તે રીતે તેણે ઊર્ધ્વકક્ષાએ પોતાને ગોઠવી લીધું હતું. તેના ચૈત્યપુરુષના પ્રકાશમાં મન, પ્રાણ પ્રકાશિત બની ગયાં હતાં અને એકરૂપ થવા માંડ્યાં હતાં. ફક્ત જીવનનાં સહુથી નિમ્ન સ્તરોમાં હજી આછો અંધકાર છવાએલો હતો અર્થાત્ હજી અવચેતન અને અચેતનનું ધરમૂળ રૂપાંતર થવાનું બાકી હતું. શ્રી અરવિન્દ લખે છે કે

God found in Nature, Nature fulfilled in God.
Already in him was seen that task of power:
Life made its home on the high tops of self;
His soul, mind, heart became a single Sun;
Only life's lower reaches remained dim.

શ્રી અરવિન્દ ચૈત્યપુરુષનાં પ્રકાશમાં શરીર અને તેના કોષો પ્રકાશમય થયાં છે એવો ઉલ્લેખ હેતુપૂર્વક કર્યો નથી, કારણ તે કાર્ય હજી અધૂરું છે અને તેથી જ ફરી વાર જણાવે છે કે જીવનનો નિમ્ન-પ્રદેશ તો હજી અંધારિયો જ છે.

# યોગ વિષે પત્રો

- શ્રી અરવિંદ

## આંતર-ચેતનાનું સ્વરૂપ - પ્રકરણ - ૧૫

### અવતરણો

(ભા-૧, પૃ ૩૪૪-૩૫૧)

**સમજૂતી** - માનસિંહ ચાવડા

૧ માનવીને હંમેશા બે પ્રકારની જુદી જુદી ચેતનાઓ હોય છે. એક બાહ્ય - ચેતના જેમાં તે સામાન્ય રીતે જીવે છે અને બીજી આંતર - ચેતના જે ગુપ્ત હોય છે. પૃ.૩૪૪

૨ સાધના કરે છે ત્યારે આંતર-ચેતના ખુલ્લી થવાની શરૂઆત થાય છે. પૃ.૩૪૪

૩ શરૂઆતમાં આંતર-ચેતના સ્વપ્નવત્ લાગે છે. પૃ.૩૪૪

૪ આંતર-ચેતના એક ગાઢ શાંતિ, પ્રકાશ, સુખ, પ્રેમ, પ્રભુ પ્રત્યેની નિકટતા, ..... પ્રભુની હાજરીનું..... સ્થાન લાગે છે.પૃ.૩૪૪

૫ હું જે કહેતો હતો તે આંતરમન, આંતરપ્રાણ અને આંતર - શારીરિક વિશે હતું. પૃ.૩૪૪

૬ આપણે આ બધા આંતર પ્રદેશો વિશે સભાન બનવું જોઈએ.પૃ.૩૪૫

૭ આંતર-મન એટલે ઊર્ધ્વ મન નહિ, આંતર-મન વિશ્વરૂપ બળોના વધારે સંપર્કમાં રહે છે અને ઊર્ધ્વ ચેતના પ્રત્યે વધારે ખુલ્લું હોય છે.પૃ.૩૪૫

૮ સાચો પ્રાણમય પુરુષ વિશાળ, બૃહદ, સ્થિર સામર્થ્યયુક્ત..... અચલ છે, સર્વ શક્તિ-સર્વજ્ઞાન - સર્વ આનંદ પ્રાપ્ત કરી શકે એવો હોય છે.પૃ.૩૪૬

૯ જ્યારે આ પુરુષો (મનોમય, પ્રાણમય, શારીરિક) આવિર્ભાવ પામે છે ત્યારે તમારી અંદર રહેલાં દ્વિવિધ અસ્તિત્વ વિશે તમે સભાન બનો છો.....પૃ.૩૪૬

૧૦ આંતર સ્વરૂપ આવિર્ભાવ ન પામે..... તો બાહ્ય સ્વરૂપ કદી રૂપાંતર પામશે નહિ.૩૪૭

૧૧ આંતર સ્વરૂપ ચૈત્યપુરુષની આસપાસ હોય છે.પૃ.૩૪૯

૧૨ એક એવી ચેતના જે શરીરની આસપાસ વીંટળાએલી છે.... તેને મેં પર્યાવરણની ચેતના ((ઑરા) કહી છે.પૃ.૩૫૭

૧૩ પર્યાવરણની ચેતના (ઑરા) ત્યારે શાંત થઈ શકે જ્યારે તેનામાં વિશાળતા આવે. પૃ.૩૫૧

## **સમજૂતી** - માનસિંહ ચાવડા

માનવની બાહ્ય અને આંતર એમ ચેતનાની બે સપાટી હોય છે. સાચી આંતર-ચેતના બાબત સામાન્ય માનવ જાણતો જ હોતો નથી. તે જેને આંતર-ચેતના સમજે છે. ખરેખર બાહ્ય ચેતનાનો જ મનોમય કે પ્રાણમય ભાગ હોય છે જે તેને વિચારો, ભાવનાઓ, તરીકે અનુભવાય છે. સાધના શરૂ થતાં જ સાચી આંતર-ચેતના ખુલ્લી થવા માંડે છે અને તેમાં વ્યક્તિ જીવતો થાય છે. શરૂઆતમાં આંતર-ચેતના સપના જેવી ભ્રામક કે અવાસ્તવિક લાગે છે અને બાહ્ય ચેતના નક્કર અને વાસ્તવિક લાગે છે. આ આંતર-ચેતના દ્વારા જ શાંતિ, પ્રકાશ, સુખ, પ્રેમ, પ્રભુની હાજરી કે જગન્માતાની દિવ્ય-શક્તિનું કાર્ય અનુભવાય છે. બાહ્ય ચેતના દ્વારા પણ તે બધું અનુભવાય એ માટે સાધના જરૂરી છે.

સાધક પોતાની પ્રકૃતિની વિશેષતા મુજબ આંતર ચેતનાના મનોમય કે પ્રાણમય કે સૂક્ષ્મ પાર્થિવ સ્તરે સચેતન બને છે. પ્રભુ પ્રેમની ઊર્મિ અથવા પ્રભુની હાજરીની ઊર્મિનો અનુભવનો અર્થ છે, આંતર-ચેતનાના ચૈતસિક સ્તરને સ્પર્શ કરવો. સાધનામાં આંતર-ચેતનાના બધા જ પ્રદેશો બાબત સભાન બનવું જરૂરી છે. તેમ કર્યા પછી જ તેમને ચૈત્યપુરુષના કરણ તરીકે વિકસાવવા શક્ય બને છે. ચૈત્યપુરુષના પ્રદેશમાં પ્રવેશ કર્યા બાદ જ સાચી સલામતી પ્રાપ્ત થાય છે.

આંતર-ચેતના અને વિશ્વ-ચેતના એક જ નથી. તે વિશ્વ-ચેતના સાથે સંપર્કમાં હોય છે તેમ જ બાહ્ય - ચેતના કરતાં વધારે પ્રકાશમય, શુદ્ધ, વિશાળ અને કાર્ય કરવામાં સમર્થ હોય છે.

ઊર્ધ્વ-ચેતનાનો પ્રદેશ તો ઊર્ધ્વમનથી માંડી અધિમનસ સુધી વિસ્તરેલો છે તે બધાં વૈશ્વિક ચેતનાનાં સ્તરો ગણાય છે. જ્યારે આંતર-ચેતના એ વ્યક્તિગત ચેતનાનાં સ્તરો છે.

ચૈત્યપુરુષ આ આંતર-ચેતના સાથે સંપર્કમાં હોય છે. ખરેખર તો આંતર-ચેતનાનો સહુથી અંતર્તમ ભાગ એ ચૈત્યપુરુષનો જ હોય છે, તે અવિદ્યાથી ઢંકાએલો હોવાથી શરૂઆતમાં ઊર્ધ્વ-ચેતના સાથે સંપર્કમાં હોતો નથી.

આંતર-ચેતનાનાં વિવિધ સ્તરો છે, તેમાંનું એક સ્તર એટલે પ્રાણમય પુરુષ. બાહ્ય સપાટી ઉપર તે સંકુચિત, અજ્ઞાનમય, તમોગ્રસ્ત અને કામનાઓ અને આવેગો, ઉત્સાહ અને નિરુત્સાહ, ઉગ્ર પ્રત્યાઘાતો આપતો અને રીસાઈને ખૂણામાં

ભરાઈ જતો હોય છે. સાચો પ્રાણમય પુરુષ જે આની પાછળ હોય છે તે બૃહત્, વિશાળ, સમર્થ, અચલ, શક્તિ અને આનંદથી ભરપૂર હોય છે. તે પ્રભુને સમર્પિત દિવ્ય-યોદ્ધો હોય છે.

તેવું જ સાચા મનોમય પુરુષ બાબતમાં છે અને સાચા શારીરિક પુરુષ બાબતમાં પણ છે. આમ આપણે બધાં જ દ્વિવિધ વ્યક્તિત્વ ધરાવીએ છીએ. આંતરિક સ્વરૂપમાં સમર્થ, અચલ, શુદ્ધ અને બાહ્ય-સ્વરૂપમાં નિર્બળ, વ્યગ્ર અને અશુદ્ધ. બાહ્ય સપાટીને શાંત, નિર્મળ કરવા આંતર-સ્વરૂપમાં જઈ ચેતનાને સ્થિર કરવાની જરૂર છે અને ત્યાંથી આંતર-ચેતનાનો પ્રભાવ બાહ્ય સ્વરૂપો ઉપર પાડવાની જરૂર છે. આને જ બાહ્ય અપરા પ્રકૃતિનું રૂપાંતર કહેવામાં આવે છે.

સાચો પ્રાણમય પુરુષ ઊર્ધ્વ - ચેતના સાથે સંબંધિત હોવાથી તેની પ્રેરણાઓને તે સ્વીકારે છે. જ્યારે તેનું આ ઊર્ધ્વદિશાનું ખુલ્લાપણું વધારે સ્થાયી અને વિશાળ બને છે ત્યારે ઊર્ધ્વ - ચેતનાની પણ ઉપર રહેલ અતિમનસ પ્રત્યે પણ તે ખુલ્લો થાય છે અને ત્યાંની શાંતિ અને આનંદને ઠેઠ પોતાની બાહ્ય-સપાટી સુધી અવતરણ કરાવી શકે છે. આમ જ અતિમાનસીકરણ થતું હોય છે. આને જ પ્રાણમય પુરુષનું પૂર્ણ સમર્પણ કહે છે. તે ફક્ત એક વિશુદ્ધ કરણ બનવાની જ અભીપ્સા સેવતો થાય છે.

આમ આંતર - સ્વરૂપ સક્રિય થયા સિવાય બાહ્ય - સ્વરૂપ રૂપાંતર પામવું શક્ય જ નથી. સાધના દ્વારા જ આંતર - સ્વરૂપને સક્રિય કરી તેની દ્વારા બાહ્ય - સ્વરૂપને શુદ્ધ કરીને આંતર-બાહ્ય ચેતનાને જોડી દેવાની હોય છે. તે માટે ઊર્ધ્વ બળો અને ચૈત્યપુરુષનું દબાણ ખૂબ જ મદદરૂપ થાય છે.

આ સમગ્ર પ્રક્રિયા પૂરી થયા બાદ જ શારીરિક રૂપાંતરની શરૂઆત થાય છે. આંતર-ચેતનાનો અનુભવ બે રીતે થાય છે :

૧ કોઈ અદૃશ્ય-ચેતના સમગ્ર શરીરમાં ઓતપ્રોત છે અને શરીર ફરતી વીંટળાએલી છે. તે શાંત અને નિર્લેપ ચેતના છે. શરીર ફરતી વીંટાએલી ચેતનાને શ્રી અરવિન્દ પર્યાવરણની ચેતના કહે છે. આંતર - ચેતના શરીર કરતાં વિશાળ હોઈને શરીરની બહાર પણ ઝાલરની જેમ ફેલાએલી હોવાથી તે જ પાર્યવરણની ચેતના તરીકે અનુભવાય છે. આ પર્યાવરણની ચેતના દ્વારા જ વ્યક્તિ તે વૈશ્વિક બળો સાથે તેમ જ સૂક્ષ્મ - જગતનાં સત્ત્વો સાથે સંપર્કમાં આવે છે. વૈશ્વિક લોકો કે સત્ત્વોનો સંપર્ક જ વ્યક્તિને પોતાના વિચારો, ભાવનાઓ, વિકારો તરીકે અનુભવાય છે. આ બધાં મન, પ્રાણ, સૂક્ષ્મ પાર્થિવ તત્ત્વનાં આંદોલનો જે તેની

(પૃ.૩૧ ઉપર)

# ભારતીય સંસ્કૃતિના પાયા

- શ્રી અરવિંદ

અવતરણો (પૃ.૩૭૬-૩૮૧)

## ભારતીય રાજ્ય સંસ્થાનો વિકાસ

પ્રકરણ - ૧૮

૧ ભારતીય સભ્યતાનો સામાજિક-રાજકીય વિકાસ..... ચાર અવસ્થાઓમાંથી પસાર થયો છે. પ્રથમ, સાદો સરળ આર્ય સમૂહ, બીજી, પ્રાયોગિક ગોઠવણોની વિપુલ વિવિધતા, ત્રીજી, રાજાશાહી રાજ્યતંત્ર, ચોથી, અવનતિનો યુગ. પૃ.૩૭૬

૨ તેનું લક્ષણ હતું એક મુક્ત સમન્વયમૂલક સામુદાયિક વ્યવસ્થા. પૃ.૩૭૭

૩ પ્રાથમિક અવસ્થામાં આર્ય પ્રજાસમૂહ (કૃષ્ટયઃ)..... એક વિશાળ પાયા તરીકે ટકી રહ્યું. પૃ.૩૭૮

૪ ક્રમશઃ દશદશનાં તેમ જ સોસોનાં ગામડાંઓનાં જીવન સમૂહો વિકસવા લાગ્યાં. પૃ.૩૭૮

૫ આવા બધાં ઘટકો વધુ વિશાળ રાજ્યોનાં 'મંડલ' બન્યાં. પૃ.૩૭૮

૬ આખરે એક સામ્રાજ્યના કે વધુ બૃહત્ સામ્રાજ્યનાં ઘટકો બંધાયાં. પૃ.૩૭૮

૭ આ જરૂરિયાતોને પહોંચી વળવા માટે ભારતીય માનસે ચાર વર્ણોની એક સ્થિર સામાજિક-ધાર્મિક વ્યવસ્થા વિકસાવી. પૃ.૩૭૯

૮ આ ચાર વર્ણ વ્યવસ્થા એક દૃઢ સામાજિક શ્રેણી બની ગઈ. પૃ.૩૭૯

૯ સ્ત્રીઓને..... નાગરિકતાના હક્કો અમાન્ય કરવામાં આવતા નહિ. પૃ.૩૮૦

૧૦ આખીએ ભારતીય પ્રણાલીની સ્થાપના એ આધાર પર કરવામાં આવી હતી કે સર્વ સામાન્ય જીવનમાં બધાં વર્ણો ઘનિષ્ઠરૂપે ભાગ લે, પ્રત્યેક વર્ણ પોતપોતાનાં ક્ષેત્રમાં પ્રભુત્વ ભોગવે. પૃ.૩૮૦

**સમજૂતી** - માનસિંહ ચાવડા

ભારતીય સભ્યતાનો સામાજિક - રાજકીય વિકાસ ચાર તબક્કામાં વિકાસ પામેલો દેખાય છે :

૧ સાદો સરળ આર્ય સમૂહ.

૨ સંક્રાંતિકાળ જેમાં પ્રાયોગિક ધોરણે સમૂહ વધતા સામાજિક, રાજકીય માળખાં ગોઠવાયાં અને વિવિધ રાજ્યવ્યવસ્થાઓ રચાઈ.

૩ બંધારણીય પ્રમુખશાહી અથવા રાજાશાહીનો વિકાસ

૪ રાજાશાહીનો અવનતિકાળ અને પશ્ચિમ એશિયામાંની અન્ય સંસ્કૃતિઓનું આક્રમણ.

પ્રથમ ત્રણ તબક્કામાં સામાજિક, રાજકીય સ્થિરતા આવતી ગઈ, આર્થિક ઉન્નતિ થતી ગઈ, ભારતીય સંસ્કૃતિનું નિશ્ચિત સ્વરૂપ અને વિવિધ ક્ષેત્રમાં નવસર્જન થયું. ચોથા અવનતિકાળમાં સામાજિક, રાજકીય સંસ્થાઓ ભાંગવા માંડી, પણ તેમનાં લાંબા અસ્તિત્વ અને સંસ્કારોને કારણે સામાજિક-માનસમાં ધાર્મિક, નૈતિક સંસ્કારો તરીકે ભારતીય સંસ્કૃતિ ટકી રહી. અંગ્રેજકાળમાં તો હેતુપૂર્વક ભારતીય સામાજિક રાજકીય-પ્રણાલીઓને બર્બર ગણાવી તદ્દન નામશેષ કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો.

પણ આ ભારતીય જનમાનસમાં રહેલા સંસ્કારોને ફરી જાગૃત અને સશક્ત કરવામાં આવશે, તો આપણી બધી ઉત્તમ પ્રણાલીઓમાં આજની જરૂરિયાત અને માહોલને અનુરૂપ પોતાની પુનર્રચના કરી જીવંત થવાની જન્મજાત ક્ષમતા રહેલી છે. ભારતીય સંસ્કૃતિને ફરી મહત્તા આપવાની આ સાચી અને યોગ્ય દિશા ગણાશે. જૂના ઢાંચાઓને જીવંત કરવાનો પ્રયત્ન અલ્પકાલીન યશ સાથે જ પૂરો થશે એવું લાગે છે. ભારતીય જનમાનસમાં પડેલ અધ્યાત્મ અને આધ્યાત્મિક-સમાજ, જેને તેઓ રામરાજ્ય તરીકે ઓળખે છે; તે નવા ક્લેવરમાં વિકસાવવાની દિશા સમાજ પોતે જ લેશે અને ઉપર જણાવેલા વિકાસના ત્રીજા તબક્કાને નવા સ્વરૂપે જીવંત કરશે. એ સહજ વિકાસની દિશા લાગે છે.

ભારતીય સંસ્કૃતિનાં સંસ્કારો એક ચિરંતન સત્ય ઉપર આધારિત છે. તે સત્ય ફક્ત માનવ અધિકાર નથી પણ તેની પાછળ રહેલ ઊંડા આત્મદર્શન, આત્મવિકાસ અને આત્મસિદ્ધિનું છે.

આર્ય સાદા સમૂહોમાંથી સામુદાયિક સામાજિક અને રાજકીય એકમો રચવા સહેલાં હતાં, કારણ વંશ, કુળ અને ભૌગોલિક નાનકડો પ્રદેશ એ નૈસર્ગિક કારણોનો તેને સીધો આધાર મળતો હતો. પણ અનેક વંશો, કુળો અને ભૌગોલિક-પ્રદેશો મળીને મોટા એકમો તૈયાર થવાની પ્રક્રિયામાં તેમને અવરોધો જણાવા લાગ્યાં. તેમાંથી બધાં કુળોની મળીને સમિતિઓ રચાવા માંડી. દરેક કુળની શ્રેષ્ઠ વ્યક્તિઓનો સમાવેશ થવા માંડ્યો, અને સામૂહિક સામાજિક-પ્રણાલીઓ નિર્માણ થવા માંડી. આવા મોટા એકમોનું પોતાનું સૈન્ય, ધાર્મિક પુરોહિત, રાજા અને આશ્રમો રહેતાં પણ હજી વર્ણાશ્રમ પદ્ધતિ નિશ્ચિત રૂપની થએલી નહોતી. કૃષિ સિવાય ઉદ્યોગ ધંધાઓ કળાકારો, કારીગરોનાં માળખાં પણ આ જ સમયમાં વિકસવા લાગ્યાં.

આ સમગ્ર વિકાસનાં તબક્કા અંતર્ગત નાનાં નાનાં રાજકીય એકમો રચાયાં.

પ્રથમ દસ દસ કે વધુ ગામોનાં નાના ક્ષેત્ર નામનાં એકમો રચાવાં માંડ્યાં અને તેની ઉપર વહીવટી - તંત્ર સાચવતો અધિકારી - ક્ષેત્રપાલ - નિમાયા. હાલની તાલુકાની આ વ્યવસ્થા હતી.

બીજા તબક્કામાં નાનાં નાનાં ક્ષેત્રોનાં મળીને ગણતંત્ર રચાવા માંડ્યા. આજના જિલ્લાના જેવી તે રચના હતી.

ત્રીજા તબક્કામાં બે ત્રણ ગણતંત્રના મળી એક એક 'મંડલ' રચાયાં. આજની ઝોનલ પદ્ધતિ જેવી તે વ્યવસ્થા હતી. આવા મંડલોમાંથી મહામંડળો અથવા સામ્રાજ્યો રચાયાં.

આવી રીતે સામાજિક, રાજકીય એકમોનો વિસ્તાર વધવાથી ધીમે ધીમે સમગ્ર માળખાને ટકાવવા માટે વર્ણાશ્રમ પદ્ધતિને નિશ્ચિતરૂપ આપવામાં આવ્યું. પ્રથમ જીવનના સહજ આધ્યાત્મિક વિકાસ માટે તબક્કાવાર બ્રહ્મચર્યાશ્રમ, તે પછી ગૃહસ્થાશ્રમ, તે પછી વાનપ્રસ્થાશ્રમ અને અંતે સંન્યાસાશ્રમનું આયોજન કરવામાં આવેલું. બ્રહ્મચર્યાશ્રમ એ વિદ્યાર્થી કાળ ગણાતો. ગૃહસ્થાશ્રમ કૌટુંબિક જીવનનો કાળ, વાનપ્રસ્થાશ્રમ કુટુંબ જીવનનો નિવૃત્તિકાળ અને શિક્ષક તરીકે આશ્રમમાં આપવાની સ્વૈચ્છિક તૈયારીરૂપ હતો. સંન્યાસાશ્રમ પૂરેપૂરી આધ્યાત્મિક સાધનાનો કાળ ગણાતો.

વર્ણવ્યવસ્થા એ શ્રમવિભાગણીની વ્યવસ્થા હતી પણ તે વ્યક્તિના પ્રકૃતિને લક્ષમાં લઈ કરેલી વ્યવસ્થા હતી. વર્ણ એટલે રંગ. માનસિક પ્રાણમય પ્રવૃત્તિની વિશેષતા અનુસાર તેમાંથી વ્યક્તિના પ્રભામંડળમાં જે વિવિધ રંગ છટાઓ રચાતી તેને વર્ણ કહેતાં. તે જોઈને જ તેના જન્મજાત ગુણોનો નિર્ણય લેવાતો અને તેનો વર્ણ નિશ્ચિત થતો. પણ આ આધ્યાત્મિક અને ગૂઢશાસ્ત્રનો આધાર આગળ જતાં અલોપ થઈ ગયો અને જન્મજાત વર્ણવ્યવસ્થા આવી ગઈ. વારસાગત ગુણો સમાન હોય છે એ સિદ્ધાંત તેની પાછળ કામ કરી ગયો. અંતે તો વર્ણવ્યવસ્થા ઉપર જ સમગ્ર રાજકીય, આર્થિક, સામાજિક માળખાંઓ રચાવા માંડ્યાં. રામાયણમાં રામ એક તપશ્ચર્યા કરતાં શુદ્રને દંડ આપે છે તે વાસ્તવિકતાનો દાખલો છે. છતાં વિશેષ કિસ્સામાં અપવાદ માન્ય કરાતો હતો. ઉપનિષદકાળમાંથી જ બ્રાહ્મણો અને ક્ષત્રિયો વચ્ચે આધ્યાત્મિક જ્ઞાન મેળવવાની જાણે સ્પર્ધા શરૂ થએલી જણાય છે. બ્રહ્મર્ષિ અને રાજર્ષિ આ શબ્દો તેના સૂચક છે. ગીતામાં કહેલી યોગનિષ્ઠા અથવા કર્મસંન્યાસ યોગ રાજર્ષિઓની વિદ્યા ગણાવી છે એ સૂચક છે (રાજર્ષયો વિદુઃ - ગીતા) છતાં બ્રાહ્મણો આધ્યાત્મિક શિક્ષણ આપનારા, ક્ષત્રિયો સંરક્ષણ કરનારા, વૈશ્યો ઉદ્યોગ - ધંધા કરનારા અને શુદ્રો નોકરી કરનારા કહેવાતા. પ્રથમ ઉચ્ચનીચ ભાવ નહોતો. પાછળથી પ્રથમ ત્રણ શ્રેષ્ઠ ગણાયા. પણ આધ્યાત્મિક પ્રગતિ કરવાની બધાને છૂટ હતી અને તે પણ પોતપોતાનું સામાજિક

-પણ કર્તવ્ય નિભાવતા - નિભાવતા (સ્વે સ્વે કર્મણ્યભિરતઃ સંસિદ્ધિ લભતે નરઃ - ગીતા)

વર્ણવ્યવસ્થાનો પ્રકૃતિ અનુસાર શ્રમવિભાગણી અને બધાંની સામાજિક કક્ષા સમાન એ મૂળભૂત સિદ્ધાંત રહ્યો હતો, જે પાછળથી વિકૃત થતો ગયો. બધા જ વર્ણોને રાજ્યવ્યવસ્થામાં સ્થાન હતું. સમિતિના તેઓ સભ્ય બની શકતા. સ્ત્રીઓને પણ નાગરિક - હક્કો હતાં જ તેમ જ આધ્યાત્મિક પ્રગતિનો હક્ક હતો. ગાંધારી રાજસભામાં બેસતાં એ તેનો દાખલો છે. સ્ત્રીઓને પણ ઉપનયન સંસ્કાર કરાવતા એ તેમના આધ્યાત્મિક હક્કોની મંજૂરીરૂપ છે.

સારાંશ, આ સંપૂર્ણ ભારતીય રાજ્ય વ્યવસ્થાનું સ્વરૂપ નીચેની પાશ્ચિમાત્ય રાજ્યવ્યવસ્થાઓથી જુદા પ્રકારની હતી :

૧ તિબેટમાં પ્રચલિત પુરોહિતોનું (લામાઓનું) ધર્મતંત્ર.

૨ ફ્રાન્સ ઈંગ્લેંડ જેવા દેશોમાં પ્રચલિત જમીનદારો (Landlords) અને કુલિન સરદાર વંશોના વર્ચસ્વવાળું (Kinghts) રાજ્ય.

૩ કાર્થેજ અને વેનિસમાં પ્રચલિત ધનાઢ્ય વ્યાપારીઓનાં વર્ચસ્વવાળું રાજ્ય.

રાજપૂતાનામાં કુલ રાષ્ટ્રો (clan nations) નિર્માણ થયાં તે પણ મૂળ ભારતીય રાજ્ય-વ્યવસ્થાનાં વિકૃત અને અવનતિ પામેલાં સ્વરૂપો હતાં.

સારાંશ, રાજધર્મ અર્થાત્ ધાર્મિક બંધારણથી મર્યાદિત રાજસત્તા, ધર્મસભા, મંત્રીપરિષદ અને શ્રેષ્ઠીસભા સાથે સહમત થઈ રાજ્યવ્યવસ્થા કરવાની પદ્ધતિ અને ચારે વર્ણ અને સ્ત્રીઓને સમાન અધિકાર અને તેમનું રાજ્યવ્યવસ્થામાં પ્રત્યક્ષ સહભાગી થવું આ ભારતીય રાજ્ય-પ્રણાલીની વિશેષતાઓ હતી.

આ પ્રણાલીનો વિકાસ પણ પાશ્ચિમાત્ય વિકાસ પદ્ધતિ મુજબ થયો નહોતો. પાશ્ચિમાત્ય રાજ્ય પદ્ધતિમાં નીચેના તબક્કાઓ હતાં, જે ભારતીય રાજ્ય પ્રણાલીના વિકાસમાં મુદ્દલે દેખાતા નથી, કારણ સર્વ વર્ગોને પ્રતિનિધિત્વ સામેથી આપેલું હતું :

૧ પ્રથમ તબક્કો અભિજાત રાજાઓથી શાસિત રાજ્ય વ્યવસ્થા

૨ કુલિન સરદાર વંશોથી પ્રભાવિત રાજ્ય વ્યવસ્થા

૩ ઔદ્યોગિક ક્રાંતિ બાદ ધનાઢ્ય વ્યાપારીઓથી ઉદ્યોગપતિઓથી પ્રભાવિત રાજ્ય વ્યવસ્થા

૪ મધ્યમ વર્ગીય સુશિક્ષિત અમલદારોથી પ્રભાવિત (bourgeois) રાજ્ય વ્યવસ્થા

૫ શ્રમજીવી વર્ગથી પ્રભાવિત રાજ્ય વ્યવસ્થા.

# યોગમાર્ગોનો સમન્વય

- શ્રી અરવિન્દ

(ખંડ -૧- પૃ.૬૧-૭૮)

પ્રકરણ - ૧

## ચાર સહાય

૧ દરેક વ્યક્તિનાં હૃદયમાં છુપાઈ રહેલ સનાતન વેદ, સનાતન જ્ઞાન અને સનાતન પરિપૂર્ણતાનું કમળ - એક બંધ કળીરૂપે બીડાઈ બેઠેલું છે. એક વાર માણસનું મન અનંત તરફ વળવા માંડે... તો સાક્ષાત્કારની પાંખડીઓ એક પછી એક ખોલવા માંડે છે.પૃ.૬૧

૨ યોગસિદ્ધિ એટલે યોગ-સાધનાના પરિણામે મળતી પૂર્ણતા. પૃ.૬૧

૩ છૂપાને આમ છતું કરવા માટેનું સામાન્ય સાધન છે શ્રુત (શાસ્ત્ર). પૃ.૬૨

૪ તેમાં સહાય કરવા પ્રભુના પ્રતિનિધિરૂપ..... કોઈ જીવંત ગુરુનો..... ઉપદેશ પણ હોય.પૃ.૬૨

૫ કોઈપણ શાસ્ત્ર..... સનાતન જ્ઞાનને અપૂર્ણ રીતે જ રજૂ કરતું હોય છે.પૃ.૬૩

૬ શાસ્ત્રોનો એક બીજો પ્રકાર પણ છે - ‘પદ્ધતિ’. પૃ.૬૪

૭ આ યોગમાં અનંત પ્રભુને માત્ર પહોંચવા માગતા નથી પણ.... માનવજીવનમાં ખુલ્લા થવા, સાકાર થવા સાદ કરીએ છીએ. પૃ.૬૫

૮ અનુભૂતિઓનો વિકાસ કેટલો જલદી, કેટલો વિશાળ, કેટલો નક્કર અને તીવ્ર થશે..... તેનો આધાર સાધકની અભીપ્સા અને સ્વપ્રયત્ન ઉપર રહે છે. પૃ.૬૬

૯ પૂર્ણયોગની સાધનામાં ત્રણ ભૂમિકા છે. પૃ.૬૭

૧૧ સહુથી પહેલા તો અહમ્‌ની શક્તિઓને પકડમાં લેવાની છે.પૃ.૬૯

૧૨ ગુરુ એ પણ બીજું કોઈ નહિ પણ આપણી અંદર છુપાઈ બેઠેલો જગત્-ગુરુ છે. પૃ.૭૦

૧૩ ગુરુની કોઈ જ પદ્ધતિ નથી અને દરેક પદ્ધતિ તેની જ છે. પૃ.૭૦

૧૪ આપણી જાતના દરેક ભાગમાં..... તેને જોવો, અનુભવવો એ જ છે આ વ્યક્તિગત ચેતનાની કૃતાર્થતા. પૃ.૭૨

૧૫ હિન્દુઓએ પોતાની આધ્યાત્મિક સાધનામાં ઈષ્ટદેવ, અવતાર અને ગુરુનો સ્વીકાર કરેલ છે.પૃ.૭૪

૧૬ કાળ બની રહે છે છેલ્લી સહાય.પૃ.૭૮

## **સમજૂતી** - માનસિંહ ચાવડા

યોગ સાધનાના પરિણામે જે સિદ્ધિ મળે છે તેને યોગ-સિદ્ધિ કહેવાય છે. આ યોગ-સિદ્ધિ ચાર ઘટકોની મદદથી પૂરેપૂરી ખીલી ઊઠે છે. તે છે :

૧ **શાસ્ત્ર :** એટલે કોઈ નિશ્ચિત ધાર્મિક ગ્રંથ નહિ પણ યોગસાધના માટે જરૂરીજ્ઞાન - યોગ સિદ્ધિ માટે જરૂરી પ્રક્રિયાઓ, તેને વાપરવાની કળા, તેની પાછળનાં સિદ્ધાંતો, શક્તિઓ અને સત્યોનું જ્ઞાન.

૨ **ઉત્સાહ :** આપણો પુરુષાર્થ અને પરિશ્રમ. તેમાં પણ ધીરજ, ખંત, સમતા, શ્રદ્ધા વગેરે.

૩ **યોગ્ય અનુભવી ગુરુનો બોધ :** એટલે અનુભૂતિ કરાવી આપનાર યોગ્ય માર્ગદર્શન, તેમાં ગુરુ પ્રત્યેની નિતાંત શ્રદ્ધા જરૂરી છે. તેમ જ ગુરુનો પ્રભાવ જે આચરણ દ્વારા, દૃષ્ટાંત દ્વારા પડે છે અને પ્રેરણા મેળવાય છે તેનો સમાવેશ થાય છે.

૪ **યોગ્ય કાળ :** પ્રભુની વેળા કહેવાય તેવો કાળ જે આપણા પુરુષાર્થને દૈવી-શક્તિઓની સહાય પૂરી પાડે છે.

આ બાહ્ય શરતો છે. આ સિવાય આંતરિક શરતો નીચે મુજબની છે : માનવમાત્રનાં હૃદયમાં જન્મજાત અધ્યાત્મનું જ્ઞાન બીડાએલા કમળ જેમ અવિકસિત અવસ્થામાં ધરાવતો ચૈત્યપુરુષ વસે છે, તે જ મનને અંતર્મુખ થવામાં મદદ કરે છે. તેથી વિવિધ સાક્ષાત્કારોની એક એક પાંખડી ખીલવાં માંડે છે. તેથી વધતાં આત્મવિશ્વાસ અને શ્રદ્ધાને કારણે આપણા વિચારો, ભાવનાઓ, સંકલ્પો, પ્રવૃત્તિઓ અને નિવૃત્તિઓ, અને નિવૃત્તિની પણ ક્ષણે તે સાધના પ્રત્યે એકાગ્ર થાય છે. તે આત્મા પરના આવરણને વિદારે છે. બાધાઓને હટાવે છે. પ્રભુનો દિવ્ય-સ્પર્શ મેળવી આપે છે અને સાધકને sellected પસંદ કરેલા આત્મા તરીકે નવાજે છે.

બાહ્ય આત્મજ્ઞાન અને આત્મ - સાક્ષાત્કાર આ હૃદયમાં રહેલ અવ્યક્ત આત્મ-સાક્ષાત્કારને ફક્ત પ્રગટ અને વ્યક્ત કરનારાં છે. સર્જન કે અભિવ્યક્તિ એ ગુપ્તને પ્રગટ કરવાની જ પ્રક્રિયા છે. જે આપણામાં નથી તેનો સાક્ષાત્કાર થવો શક્ય જ નથી. (નાસતો વિદ્યતે ભાવો - ગીતા)

આમ આત્મજ્ઞાન અને ચેતનાનો વિકાસ એ જન્મજાત ગુપ્ત સાધન તરીકે પણ કામ કરે છે અને સાધ્ય તરીકે પણ પ્રગટ થાય છે. સાધકને કદાચ તે બાહ્ય સાધના કે માર્ગદર્શનથી પ્રાપ્ત થતું લાગે પણ તેને કારણે આપણામાં છૂપાં રહેલ જ્ઞાન અને શક્તિનાં વહેણ બહાર પ્રગટ થવાં લાગે છે એ નિશ્ચિત.

બધા લોકોને હૃદયસ્થ જગતગુરુ રૂપ પ્રભુ જ આ સાધના કરાવે છે. કોઈને બાહ્ય

નિમિત્ત ઊભું કરીને, કોઈને આંતરિક-પ્રેરણા આપીને. બહુજન લોકોને બાહ્ય ઉપદેશની જરૂર પડે છે તે શબ્દ પછી કોઈ પ્રાચીન ગ્રંથનો હોય કે જીવંત ગુરુનો. મહાન આત્માઓ પણ ઘણી વખત લોકપ્રથાને અનુસરી બાહ્યગુરુની મદદ લેતાં થાય છે. દા.ત. શ્રીકૃષ્ણે ઘોર આંગિરસ ઋષિ (સાંદીપનિ)ને ગુરુ કર્યા, ઠાકુર રામકૃષ્ણે તોતાપુરીને. પણ આ નિશ્ચિત નિયમ નથી. શાસ્ત્રનાં માર્ગદર્શન હેઠળ પોતપોતાની કરેલી સાધના પણ યશસ્વી થાય જ છે. તેને આંતરગુરુ મદદ કરતાં હોય છે. સારાંશ, સાધનામાં આંતર કે બાહ્ય ગુરુ બન્ને કે એક તો હોય છે. આંતરગુરુની બધે જરૂર છે. મનન, ચિંતન, નિદિધ્યાસનથી સત્યને અનુભવની કસોટીએ ઉતારી જીવંત કરવામાં આવે છે. આ નિશ્ચિત માર્ગ સાંકડો હોવા છતાં ઘોરી માર્ગનું કામ કરે છે.

પણ દરેક શાસ્ત્ર ગમે તેટલું આધારભૂત કે સર્વમાન્ય હોય, તે સનાતન જ્ઞાનને સમગ્ર રીતે પ્રગટ કરી જ શકતું નથી. તે બાબતમાં વેદ, ઉપનિષદો, ગીતા કે બાયબલ કે કુરાણ કોઈ અપવાદરૂપ નથી. કારણ શાસ્ત્ર - રચયિતા સાક્ષાત્કારીની અનુભૂતિઓ જ તેની પ્રકૃતિની વિશેષતા અને ન્યૂનતાની સાંકડી ગલી દ્વારા પ્રગટ થએલી હોય છે. તે તેના સાક્ષાત્કારની જન્મજાત મર્યાદા બની જાય છે. એક કરતાં વધારે શાસ્ત્રોનો સમન્વય કરવાથી આમાં કદાચ થોડો સુધારો થાય, છતાં અંતે તો સાધકને પોતાના જ આંતર-ગુરુને શરણે જઈ પોતે જ સાક્ષાત્કાર કરી બધાં જ શાસ્ત્રોને વટાવી જવાનાં છે (શબ્દબ્રહ્માતિ વર્તતે - ગીતા)

શાસ્ત્રો સાધના-પદ્ધતિ પણ દર્શાવે છે. તે અસરકારક નિયમોની બનેલી હોય છે. તેને 'પ્રણાલિકા' કહેવામાં આવે છે. પ્રણાલિકા એટલે પ્રમાણભૂત પરંપરા. પણ એ પણ ઉપર મુજબની જ મર્યાદાથી ઘેરાએલી હોય છે, તેથી નવી સાધના પદ્ધતિ કે પ્રણાલિકાને પણ સાધનામાં પોતાનું ક્ષેત્ર છે જ. ઉત્ક્રાંતિના તબક્કાનુસાર સાધના-પદ્ધતિ પણ બદલાય છે એ સત્ય છે. ઘણી વખત જીવનપદ્ધતિ બદલાતા નવી પ્રણાલિકાને સ્વરૂપે પણ સ્વીકારવી પડે છે. શ્રીકૃષ્ણે 'યજ્ઞ'ની કલ્પનાને આ રીતે જ નવો ઘાટ આપ્યો છે, તેથી સર્વમાન્ય રાજયોગની પંતજલિની અષ્ટાંક-યોગ પદ્ધતિ કરતાં જુદી પદ્ધતિ પણ વિકસવી શક્ય છે. સાધનાનાં સામાન્ય સિદ્ધાંતો સમાન હોવા છતાં તેનો વિનિયોગ અર્થાત્ ઉપયોગ કરવાની પદ્ધતિ દરેક સાધકની પ્રકૃતિ અનુસાર થોડી ઘણી જુદી રહેવાની જ છે.

તેથી શાસ્ત્રની મર્યાદાઓને વિવેકથી જ સ્વીકારવાનાં હોય છે. તેના ગુલામ થવું જરૂરી નથી. શાસ્ત્રો પણ કાલાંતરે નવાં કલેવરો ધારણ કરે જ છે.

જીવનના પ્રવાહો બદલાવાથી વેદકાલીન ઋષિઓનાં રૂપકો, શબ્દો, વિધિઓ આજે સાધનામાર્ગમાં જેવા છે તે જ સ્વરૂપમાં અવ્યવહારુ લાગશે. ત્યારે તેનાં મૂળભૂત સિદ્ધાંતોને તારવી નવા શબ્દો, વિધિઓ કે રૂપકો પ્રયોજવા પડશે જ. તેથી દરેકની સાધના

એક રીતે અજાણ્યા જંગલમાં પોતાની કેડી પાડવા જેવી નૂતન જ બની જાય છે.

આપણે પ્રભુનો ફક્ત સાક્ષાત્કાર જ કરવાનો નથી પણ તેને આ ભૌતિક-જીવન દ્વારા અભિવ્યક્ત પણ કરવાનો છે. તે માટે પણ વ્યક્તિ-સ્વાતંત્ર્ય જરૂરી છે. તેથી સાધનાની મુલાયમતા જરૂરી છે. ઉપર મુજબની વાસ્તવિકતાને કારણે ભાંગવાની પ્રક્રિયા શરૂ થવી અપિરહાર્ય છે. યુવા પેઢી તે કરી રહી છે જ પણ તેનો ફક્ત નકારાર્થી અર્થ લઈને ઘોર કલિયુગની બૂમરાણ મચાવવાની નથી. તેમને સનાતન-ધર્મના મૂળભૂત સિદ્ધાંતો આજના સંદર્ભમાં સમજાવીને તે તરફ વાળવા જ શ્રેયસ્કર છે. આ જ રચનાત્મક ભૂમિકા ઉત્ક્રાંતિને વેગ આપશે. યોગમાર્ગ પણ પરિવર્તન ઝંખી રહ્યો છે. નૂતન સાધના - પદ્ધતિ વિકસાવવી જરૂરી છે. પોતાની આગવી સ્વતંત્ર પદ્ધતિ વિકસાવવી એ દરેકનો જન્મસિદ્ધ હક છે. સ્વાતંત્ર્ય એ વિકાસનો સર્વોપરી સિદ્ધાંત છે. ભૂતકાળની નોંધોને (શાસ્ત્રોને) તેણે માર્ગદર્શક તરીકે સ્વીકારવી પણ તેના ગુલામ ન બનવું.

અનુભૂતિઓનો વિકાસ, તેની વિકાસ-ગતિ, તેની તીવ્રતા, તેનો સમય એ બધું સ્વપ્રયત્નના સ્વરૂપ ઉપર જ આધાર રાખે છે. અહંકારના સંકુચિત અને કલુષિત વાતાવરણમાં જ રહેતી ચેતના જ્યારે ઊર્ધ્વ-ચેતનાની અભીપ્સા સેવવા માંડે છે અને ઊર્ધ્વ-ગમન શરૂ કરે છે ત્યારે ઊર્ધ્વમાંથી પ્રભુની ચેતના કૃપા કરી તે વ્યક્તિના શુદ્ધ થતા ઢાળામાં રેડાવા માંડે છે. આ ઊર્ધ્વારોહણ અને અવતરણ મળીને જ યોગિક-પ્રક્રિયાનો ઘાટ રચાય છે. આ સમગ્ર પ્રક્રિયામાં નીચેના તબક્કા જોવાય છે, જેની ઉપર સિદ્ધિની મદાર હોય છે :

૧ સાધકની ચેતનાની ઊર્ધ્વગમન કરવાની અભીપ્સાની તીવ્રતા

૨ સાધકની મનને આંતર્મુખતા કરવાની ક્ષમતા

૩ સાધકની સંકલ્પશક્તિ, તેનો ખંત અને સમતા

૪ અહમ્'ના નાશની પ્રક્રિયા. આ સમગ્ર ઘટનાઓ પ્રભુની કૃપાના અવતરણને જલદ અને સ્થાયી બનાવે છે.

પૂર્ણયોગની સાધનાનાં ત્રણ તબક્કાઓ આપણી સમજણ માટે આપણે પાડી શકીએ :

૧ સ્વપ્રયત્નથી આપણી જાત વટાવીને પ્રભુ સાથે સંપર્ક કરવાની આપણી કોશિષ.

૨ આપણા સ્વરૂપે પ્રભુના કાર્યનો પોતામાં કરેલ સ્વીકાર અને તેથી આપણી પ્રકૃતિનું થતું રૂપાંતર.

૩ આપણા રૂપાંતરિત સ્વરૂપનો જગતમાંનાં સક્રિય કેન્દ્ર તરીકે પ્રભુએ શરૂ કરેલો ઉપયોગ (ક્રમશઃ)

# આગામી - ભાવિ

## ઊંચી ઉડાન

(શ્રી અરવિંદ સોસાયટીના ઈ-મેગેઝીન ઑગસ્ટનાં ૨૦૧૦ના Next Futureનો સાર - સાભાર)

**સમજૂતી** - માનસિંહ ચાવડા

સ્વાતંત્ર્ય એ એક આશ્ચર્યકારક કલ્પના છે. દરેકને દરેક સ્વરૂપમાં તે જોઈએ છે. પસંદગીની સ્વતંત્રતા, બોલવાની સ્વતંત્રતા, પ્રગટીકરણની સ્વતંત્રતા, કલામાંની સ્વતંત્રતા, વિચારોની સ્વતંત્રતા, રોગો અને દારિદ્રયમાંથી મુક્તિ, ગુલામીમાંથી મુક્તિ, દુઃખ અને યાતનામાંથી મુક્તિ, આ ને પેલી મુક્તિ.

માનવી જીવનનાં બધાં જ પાસાંઓમાં સ્વાતંત્ર્યનો અવાજ ઊઠ્યો છે - રાજકારણ, લગ્ન, કુટુંબ, ધંધો, મિત્રતા અને યુદ્ધમાં પણ. દરેકને જોઈએ જ છે.

ઘણાને તે છે, ઘણાને નથી. કોઈને છે પણ તેની જાણ નથી. રાષ્ટ્ર સ્વતંત્ર હોય પણ નાગરિક ન પણ હોય. સમગ્ર જગતમાં કોઈક સ્વાતંત્ર્ય મેળવવા લડે છે અને બીજા સ્વાતંત્ર્ય છીનવી લેવા.

એક સ્વાતંત્ર્ય છે જે બધા માટે છે અને દરેક મેળવી શકે છે. તે આપણો જન્મસિદ્ધ હક્ક છે. પણ તે વાટ જોય છે કે ક્યારે તેને માટે માગણી થાય ? તે છે આંતરિક સ્વાતંત્ર્ય.  અમૂલ્ય છે અને મક્કમ - સ્થિર છે. તે કોઈ માટે મર્યાદિત નથી - કોઈ જાત કે વર્ગ માટે નહિ. દરેકમાં આ આંતરિક સ્વાતંત્ર્ય મેળવવાની ક્ષમતા છે જ.

એક વખત આ આંતરિક સ્વતંત્રતા પ્રાપ્ત થઈ જાય, પછી તો છે ઊંચે ને ઊંચે ઉડાન !

# સુંદર કથાઓ

- માતાજી

**સમજૂતી** - માનસિંહ ચાવડા

## વહેમી - પંડિતો

(પેજ - ૯૨-૯૫)

હિમાલયના તળેટીનો કુમાઉ પ્રદેશ. તેનો રાજા અલ્મોરાની ટેકરી ઉપર શિકાર કરવા આવેલો. ત્યાં એક ઝાડીમાંથી સસલું નીકળ્યું. રાજાએ શિકાર કરવા તેનો પીછો કર્યો, પણ દોડતા દોડતા સસલું વાઘ બની ગયું અને નાસી ગયું. રાજાને અચંબો થયો.

તેનું રહસ્ય જાણવા તેણે પોતાના રાજ્યમાં આવી પંડિતોની સભા બોલાવી અને આ ઘટનાનું રહસ્ય પૂછ્યું.

પંડિતો વિચારમાં પડી ગયા. પણ એક પંડિત હોંશિયાર હતો, તેણે વિચાર કર્યો : વાઘ બનીને પણ સસલું શા માટે ભાગી ગયું ? સસલું લોકોથી ડરે, અને વાઘ પણ ડરે. આનો અર્થ અહીં માનવ-વસ્તી થવાનો સંકેત છે. તેણે તે રાજાને સમજાવ્યો.રાજાએ ત્યાં નગર બાંધવાનો નિર્ણય લીધો. સારા મુર્હૂતે ત્યાંની જમીન - મજબૂતાઈ જોવા સળીયો ખોડાણો. ત્યાં ધરતીકંપનો આંચકો આવ્યો. પંડિતો બોલ્યા, શેષનાગના મસ્તકમાં સળીયો ખોડાણો છે. તેની વેદનાથી તે હલ્યો અને ધરતીકંપ થયો.

રાજાને શંકા આવી, તેથી તેણે સળીયો પાછો કઢાવ્યો તો તે ખરેખર લોહીથી ખરડાએલો હતો.

રાજાએ તે ફરી ઠોકાવ્યો. પણ પંડિતો બોલ્યા, ''રાજા હવે શહેર ન બાંધો.''

પણ રાજાએ શહેર બાંધ્યું.

આશ્ચર્ય એ છે કે તે શહેર હજી છે. રાજા વહેમી નહોતો. જગતમાં તો અનેક વહેમો છે અને લોકો તેને સાચા માને છે.

વહેમ માણસને અંધવિશ્વાસુ બનાવે છે, શું આપણે વહેમી રહેવું છે ?

# ઉપનિષદોનું અમૃત

- માનસિંહ ચાવડા

## ગાર્ગીનો અતિપ્રશ્ન

પ્રકરણ-૨૧ (બૃહદારણ્યક -૩-૧-૬)

જનકરાજાની કુરુપાંચાલની ધર્મસભામાં યાજ્ઞવલ્કયે અશ્વલ, આર્તભાગ, ભુજ્યુ, ઉષસ્ત, કહોલ જેવા ઋષિઓને પણ હતપ્રભ કરી નાંખ્યા.

ધર્મસભામાં સન્નાટો ફેલાઈ ગયો. કોઈ પ્રશ્ન પૂછવાની હિંમત જ કરી ના શક્યું.

ત્યારે અચાનક વાચકનુ ઋષિની મેઘાવી કન્યા ગાર્ગી હિંમતભેર ઊભા થયાં અને પૂછ્યું, ''પૃથ્વીમાં જળ ઓતપ્રોત છે તો જળ શેમાં ઓતપ્રોત છે?''

''વાયુમાં, કારણ મેઘ વાયુમાં જ ફરતા હોય છે.''

''વાયુ શેમાં ઓતપ્રોત છે?''

''વાયુ આકાશસ્વરૂપ અંતરીક્ષમાં''

''અંતરીક્ષ શેમાં ઓતપ્રોત છે?''

''ગંધર્વલોકમાં.'' (ગંધર્વ એટલે ગંધં અર્વતિ ઈતિ ગંધર્વઃ જે ગંધ ધારણ કરનાર ભૌતિક તત્ત્વને ઉત્ક્રાંત કરે છે તે ગંધર્વલોક. ભૌતિક તત્ત્વ પંચ મહાભૂતોનું બનેલું છે. તેમને ઉત્ક્રાંત કરનાર તે લોક છે. ગંધર્વલોક એ કલાત્મક-ચેતનાનો લોક છે. ભૌતિક જીવનને કલા અને સાહિત્ય ઉન્નત કરે છે. આ ચેતનાના ઉત્ક્રાંતિનો પ્રથમ ઉપાય છે.)

''ગંધર્વલોક શેમાં ઓતપ્રોત છે?''

''આદિત્યલોકમાં.'' (આદિત્યલોક એટલે પ્રકાશિત આંતર ચેતનાનો પ્રદેશ)

''આદિત્યલોક શેમાં ઓતપ્રોત છે?''

'' ચંદ્રલોકમાં.'' (ચંદ્રલોક એટલે ઊર્ધ્વમનનો પ્રદેશ)

''ચંદ્રલોક શેમાં ઓતપ્રોત છે?''

''નક્ષત્રલોકમાં.'' (નક્ષત્ર એટલે અવિનાશી 'ન ક્ષતં ભવતિ ઈતિ નક્ષત્રઃ' ચેતનાની કાયમી વિશાળ કાયમી અવસ્થા.)

''નક્ષત્રલોક શેમાં ઓતપ્રોત છે?''

''ઈન્દ્રલોકમાં.'' (ઈન્દ્ર સર્વ વૈશ્વિક શક્તિઓમાં પ્રમુખ ઈન્દ્ર છે. વૈશ્વિક સનાતન ચેતનાનો સાક્ષાકાર વૈશ્વિક-શક્તિઓનાં સંપર્કમાં મૂકી આપે છે.)

''ઈન્દ્રલોક શેમાં ઓતપ્રોત છે?''

''પ્રજાપતિલોકમાં.'' (પ્રજાપતિ એટલે સર્જનક્ષમતા. સાધકમાં વિશ્વશક્તિઓ દ્વારા પોતાના દિવ્ય દેહની સર્જનક્ષમતાનો વિકાસ થાય છે.)

''પ્રજાપતિ લોક શેમાં ઓતપ્રોત છે?''

''બ્રહ્મલોકમાં.'' (બ્રહ્મલોક એટલે ચેતનાનાં સત્-ચિત્ અને આનંદ પાસાંનો સાક્ષાત્કાર એક જ વખતે થવો (નક્ષત્રલોક સુધીની અનુભૂતિઓ સત્ પાસાની છે. ઈન્દ્રલોકથી પ્રજાપતિ-લોક સુધીની ચિત્ પાસાંની અનુભૂતિ છે અને બ્રહ્મલોક એ આનંદ પાસાની અંતિમ અનુભૂતિ.)

આના પછી આગળ ચેતનાનો વિકાસ નથી. પણ ગાર્ગી પૂછે છે, ''બ્રહ્મલોક શેમાં ઓતપ્રોત છે?''

તેથી યાજ્ઞવલ્કય જણાવે છે : ''બ્રહ્મલોક પછીની કોઈ ગતિ નથી. પૃથ્વી ઉપરની નિયત ઉત્ક્રાંતિની આ અંતિમ ટોચ ગણેલી છે. તમને આ ઉત્ક્રાંતિ બાબતનું જ્ઞાન નથી, એમ સમજશે અને તેથી આવા પ્રશ્નો પૂછવા યોગ્ય નથી. આને જ અતિપ્રશ્ન કહેવાય છે.''

''ગાર્ગી, તમે આવા અતિપ્રશ્નો પૂછશો તો આ સભા તમને મૂર્ખ ગણશે, તમારું મસ્તક શરમના મારે નમી પડશે.''

---

(પૃ.૧૯ ઉપરથી)

## યોગ વિષે પત્રો

ચેતનામાં પ્રવેશી ગયાં છે તેના પરિણામસ્વરૂપ હોય છે.

પર્યાવરણ-ચેતના એટલે જ પ્રભામંડળ અથવા થિઓસોફિસ્ટ જેને ઑરા (Aura) કહે છે તે. પર્યાવરણ - ચેતના અને અવચેતન એક જ નથી. પર્યાવરણ-ચેતનામાંથી વ્યક્તિ ચેતનાનાં વિચારો, ભાવનાઓ વગેરે વિશ્વપ્રકૃતિમાં ફેંકાય છે અથવા વિશ્વપ્રકૃતિમાંથી સ્વીકારાય છે, પણ ત્યાં કોઈ વસ્તુ સંગ્રહિત થતી નથી. થોડીવાર ચોંટી રહી શકે છે જેને આપણે વિચારવાયુ કે ભાવનાઓનાં તોફાન તરીકે અુનભવીએ છીએ.

પર્યાવરણ - ચેતનાને વિશાળ કરવાથી તે શાંત રહેતાં શીખે છે અને તેથી તેમાં થતી પ્રક્રિયા બાબત સભાન બનાય છે અને તેની ઉપર કાર્ય કરવાનું સામર્થ્ય પણ વિકસે છે.

# માનવ - એકતા

- શ્રી અરવિન્દ તથા શ્રી માતાજી

## માનવ એકતાનો અર્થ અને ઉપાય

(માનવ - એકતા નામક પુસ્તિકાના આધારે)

૧ વિજ્ઞાનની શોધો કે જેમણે આપણી પૃથ્વીને એટલી નાની બનાવી દીધી છે કે જેમાં..... મોટાં રાજ્યો એક જ દેશના પ્રાંતો કરતાં વધુ મોટા લાગતાં નથી. પૃ.૧

૨ સામાજિક અને રાજકીય યુક્તિઓથી માનવજાતિની એકતા સ્થાયી રીતે કે સફળ રીતે સિદ્ધ નહિ કરી શકાય.પૃ.૨

૩ માનવ - સમાજમાં પ્રકૃતિની ક્રિયાનું એ (એકતા) અનિવાર્ય અંતિમ વલણ છે.પૃ.૨

૪ સામાન્ય હિતોની વધતી જતી ઘનિષ્ઠતા..... સંઘર્ષના કારણરૂપ બનાવે છે.પૃ.૨

૫ (એકતાની) ભાવનાને પેદા કરવામાં કે સાચવવા માટે ચૈતસિકકારક તત્ત્વ અનિવાર્ય છે.પૃ.૪

૬ માનવતાનો બુદ્ધિ-ધર્મએ આધુનિક માનસના અને તેની વિકસતી સંસ્થાઓના વલણના મોટા અંશને પેદા કરવામાં મદદ કરી છે.પૃ.૫

૭ માનવજાતિનું એક રાષ્ટ્ર બની શકે. પૃ.૫

૮ જગત એની એકતા વિશે સભાન નથી, તેને સભાન બનાવવાનું છે.પૃ.૯

૯ એક નવી શક્તિ અથવા ચેતના અથવા પ્રકાશ..... આ પૃથ્વીમાં આવિર્ભાવ પામ્યો છે.પૃ.૧૦

૧૦ એકતા એ જીવનનો નિયમ નથી. જીવન વિવિધતામાં અસ્તિત્વ ધરાવે છે.પૃ.૧૧

૧૧ સ્વાતંત્ર્ય એ એક સાથે જોરદાર વિવિધતાની..... પૂર્વ શરત છે. પૃ.૧૧

૧૨ અત્યારે માનવજાતિના ચૈતસિક જીવનની પ્રથમ મોટી આવશ્યકતા.... એકતા પ્રત્યે વિકાસની છે.પૃ.૧૨

૧૩ આ વિશ્વમાં કોઈ બે વસ્તુઓ એક સરખી હોતી નથી...... કોઈ બે ચેતનાઓ એક સરખી હોઈ શકતી નથી. તમારે શીખવાનું છે ..... સર્વ વસ્તુઓમાં સંવાદની સ્થાપના..... એકીકરણ કરવું. પૃ.૧૩-૧૪

**૧૪ કેળવણીનાં (વિષયો કે પદ્ધતિની) એકતા દ્વારા એકરૂપતા પ્રાપ્ત નહિ કરી શકીએ.પૃ.૧૪**

**૧૫ આધ્યાત્મિક જીવન સર્વમાં રહેલ એક તત્ત્વને પ્રગટ કરે છે..... તે એકતામાં વિવિધતા અને વિવિધતામાં પૂર્ણતા માટે કાર્ય કરે છે.પૃ.૧૫**

**૧૬ માનવ - એકતાનો પ્રથમ સિદ્ધાંત, સમૂહો આવશ્યક છે.... જેમાં આંતરિક સંઘર્ષ અસામંજસ્ય, દમન, વિદ્રોહને કોઈ સ્થાન ન હોય.પૃ.૧૭**

**૧૭ પાયાના પ્રેરક-બળ તરીકે રાષ્ટ્રવાદ અને આંતર-રાષ્ટ્રવાદનો સુમેળ માગશે.પૃ.૧૯**

**૧૮ આધ્યાત્મિક માનવધર્મ એ જ ભવિષ્યની આશા છે.પૃ.૨૪**

**૧૯ કેટલાંક બાહ્ય પગલાં (બેવડી રાષ્ટ્રિયતા)નો સ્વીકાર (મદદરૂપ) ગણી શકાય.પૃ.૨૬**

## **સમજૂતી** - માનસિંહ ચાવડા

શ્રી અરવિન્દે ઉત્ક્રાંતિ અતિમનસ જગતની રચનાનાં તબક્કામાં પ્રવેશશે તે પહેલાં માનવજાતિમાં જે વિવિધ પ્રગતિના તબક્કા રચાશે તે "The Human Cycle" ગ્રંથમાં અને તેને કારણે જે માનવી એકતા સામાજિક, રાજકીય, સાંસ્કૃતિક સ્તરે રચાશે તે "The Ideal of Human Unity" ગ્રંથમાં વર્ણવેલ છે.

આ સમગ્ર વિકાસ ગાથાનું દર્શન વૈદિક-ઋષિઓને આત્મતત્ત્વની અનુભૂતિ દ્વારા પ્રગટતી માનવી એકતામાં પ્રથમથી જ થએલ હતું, પણ તેને સામાજિક સ્તરે લાવવું બાકી હતું.

પૃથ્વી ઉપરની સમગ્ર સૃષ્ટિનો માનવ એક ભાગ છે. પરમ - ચેતનાએ જ આ અવનવી યોનિઓ અને સ્વરૂપો દ્વારા પોતાને ભૌતિક સ્તરે પ્રગટ કરવાનો પ્રયત્ન કરેલ છે, કારણ તેનો તેવો આદિ-સંકલ્પ છે - 'એકોઽહં બહુસ્યામ્'

હાલનો સમય આ એકતા પ્રાપ્ત કરી લેવા માટે ખૂબ જ યોગ્ય લાગે છે, કારણ એક નવી ચેતના જે ભિન્નતાથી ઊર્ધ્વમાં એકતામાં જ જીવે છે, તે ઉત્ક્રાંતિની પ્રક્રિયામાં પ્રવેશી છે. મનોમય - ચેતના ભિન્નતામાં જ રાચે છે અને તેણે નિર્માણ કરેલી એકતા કૃત્રિમ અને ઉપરછલ્લી હોય છે, તેથી તેને અતિમનસ ચેતના કહે છે.

બીજું, આ અતિમનસ-ચેતનાના પ્રભાવને કારણે ભૌતિક-સૃષ્ટિનાં આજના શિરોમણી રૂપ માનવજાત એકતાને ઝંખતી થઈ છે. પણ તેના પ્રયત્નો હજી માનસિક

પ્રકારનાં છે. તે સામાજિક, આર્થિક, રાજકીય, ધાર્મિક, શૈક્ષણિક, લૈંગિક વગેરે પ્રકારની સમાનતાનાં આદર્શરૂપે પ્રગટ થઈ રહ્યાં છે અને તે મુજબ જૂની સમાજ રચનાઓ અને નવી સમાજ રચનાઓમાં સંઘર્ષ જામેલો છે.

પરમ-ચેતનાનો આ હવે અનેકતામાંથી એકતા તરફનો પરતીનો પ્રવાસ છે.

વૈદિક ઋષિઓ જણાવે છે કે પરમ-ચેતનાએ પોતાના પરતીના પ્રવાસનો પ્રયોગ કરવાં અનેક આકાશગંગાઓ પૈકી, આપણી આકાશગંગાનાં અનંત સૂર્યમંડળો પૈકી આપણા સૂર્યમંડળની પૃથ્વીને હાલના તબક્કે ચૂંટી છે. સંસ્કૃતમાં ચૂંટવાને વરણ કરવું અથવા 'વરાહ' અર્થાત્ ચૂંટવાનો પવિત્ર દિવસ (વર+આહ) કહે છે. ત્યારથી પૃથ્વી ઉપર 'વરાહકલ્પ' અર્થાત્ આ ચૂંટાયા બાદની ઉત્ક્રાંતિનો તબક્કો શરૂ થયો.

પરતીના પ્રવાસની શરૂઆત પૃથ્વી ઉપરથી જ થઈ નથી પણ અન્ય ગ્રહ (કદાચ શુક્ર) ઉપરથી થઈ છે અને ત્યાંના સત્ત્વે પછી અહીં પૃથ્વી ઉપર જન્મ લઈ ઉત્ક્રાંતિનું પ્રત્યારોપણ પૃથ્વી ઉપર કર્યું છે, એવો આડકતરો ઉલેખ સાવિત્રી મહાકાવ્યની શરૂઆતમાં જ આવે છે. પરતીના પ્રવાસની શરૂઆતની અવસ્થાથી જ મહાકાવ્યની શરૂઆત થએલ છે. જ્યાં બધે જડતત્ત્વનું જ સામ્રાજ્ય હતું અને બધું અચિત્‌ના પ્રભાવ નીચે હતું. ચૈત્યપુરુષ તત્ત્વનો ઉત્ક્રાંતિમાં પ્રવેશથી પૃથ્વી ઉપરની ઉત્ક્રાંતિનો નવો તબક્કો શરૂ થયો છે. તે પહેલાંની ઉત્ક્રાંતિ કદાચ અન્ય ગ્રહ ઉપર સધાઈ હતી પણ અહીં તેનું ઝડપી પુનરાવર્તન થયું હોય, જેમ માનવગર્ભમાં બાળકનો સંપૂર્ણ વિકાસ થતા પહેલાં થાય છે.

હવે ચૈતસિક બાંધણીનો તબક્કો પૂરો કરવાની પ્રભુની પળ આવી પહોંચી છે અને તેથી શરીર, મન, પ્રાણનો વિકાસ પૂર્ણ કરીને તેમના રૂપાંતરનો તબક્કો શરૂ કરવાનાં લક્ષણો દેખાવા માંડ્યાં છે. પ્રભુની પળનાં ટાણે અચિત્‌ની શક્તિઓ પણ પોતાનો બચાવ કરવા ઉગ્ર રીતે વિરાધ કરતી હોવાથી જગતમાં હિંસા, અન્યાય અથડામણ, ગુન્હાખોરી, ગાંડપણ, અત્યાચાર, મહાસંહાર, અવનવા રોગો અને વિપત્તિઓની વણઝાર પણ શરૂ થાય છે. વિશ્વયુદ્ધોની શક્યતા ઊભી થાય છે. માનવ અને સમગ્ર જીવસૃષ્ટિ ભયના ઓઠા નીચે જીવે છે અને આ નિવારવા માનવે અનેક સામાજિક સંસ્થાઓ, ધાર્મિક ઉત્થાપનો, રાજકીય પ્રયોગો, વૈજ્ઞાનિક અભિગમો અને માનવ-એકતા લાવવા કુટુંબ સંસ્થાથી માંડી રાષ્ટ્ર અને વૈશ્વિક એકતા સુધીનાં સપનાં સેવ્યાં છે.

રાજકીય રીતે કુળસંસ્થાઓ, પંચાયતો, લોકરાજ્યો, નગરરાજ્યો, સામ્રાજ્યોનાં એકમો દ્વારા એક પ્રકારની માનવ-એકતાનાં પ્રયોગો થયાં છે પણ તેમાંથી

સ્થાયી અને સંપૂર્ણ વ્યવસ્થા હજી સુધી ગોઠવાઈ નથી, કારણ બધાં જ એકમોમાંનો એક સંઘર્ષ અટળ રહ્યો છે. વ્યક્તિ - સ્વાતંત્ર્ય વિરુદ્ધ સામાજિક બંધનોને માનવોએ કોઈ વખત વ્યક્તિને મહત્ત્વ આપ્યું, કોઈ વખતે સમાજને, પણ કોઈ ઉકેલ લાવી શક્યાં નથી. કારણ મૂળભૂત પ્રશ્ન સતત એ જ રહ્યો કે ઘટક તરીકેની વ્યક્તિઓ સામૂહિક એકતામાં પોતાનું સ્વરૂપ કેવી રીતે ટકાવી રાખે. તે બે વચ્ચેની વિવેક-રેખા કઈ ? આ એકતા માટે ધર્મનાં પરિબળે પ્રયત્ન કરી જોયો. તેનું જોર તૂટતાં રાજકીય પરિબળો આગળ આવ્યાં. હવે માનવતાના મૂળભૂત હક્કોનાં પરિબળોએ કામ શરૂ કર્યું. પણ તે પણ નબળાં પુરવાર થઈ રહ્યાં છે.

તેથી હવે આધ્યાત્મિક પરિબળોને ચકાસવા તરફ વહેણ વહી રહ્યાં છે. આર્યો પૃથ્વીવાસીઓને પોતાનું કુંટુંબ માનતા (વસુધૈવ કુંટુંબકમ્) અને પોતાને પૃથ્વીનો પુત્ર માનતા (પુત્રોડહંપૃથ્વીવ્યાઃ) એ કવિ કલ્પના નથી પણ માનવી-એકતા માટેનો એક આધ્યાત્મિક સત્યનો આધાર છે. તે જ તત્ત્વ ફ્રેંચ રાજ્યક્રાંતિમાં સ્વાતંત્ર્ય, સમાનતા અને વિશ્વબંધુત્ત્વના નામે પ્રગટ થયાં.

વૈશ્વિક - એકતા વચ્ચે આવતાં અવરોધરૂપ પરિબળોમાં માનવોના વ્યક્તિગત અહંકાર પ્રથમ છે અને પછી આવે છે સામૂહિક અહંકાર. વ્યક્તિગત અહંકાર કોઈ વિચારસરણીનો ઉપયોગ કરીને આ એકતાને પડકારે છે જેમ હિટલરે નિત્સેના અતિમાનવની કલ્પનાના આધારે પોતાનો અહંકાર પોસ્યો. રાષ્ટ્રોની આ એકતામાંની દખલગીરી એ સામૂહિક અહંકારના દાખલા છે. રાષ્ટ્રોનો પરસ્પરનો અવિશ્વાસ અને આર્થિક હિતસંબંધો આમાં મહત્ત્વનો ભાગ પાછલા બારણે ભજવે છે.

વિજ્ઞાન પણ સામૂહિક-અહંકારની સેવામાં જોતરાઈ જાય છે અને તેનું ગુલામ બની જાય છે. અટમબોંબ અને અંતરીક્ષ પ્રક્ષેપણાસ્ત્રોનું ઉત્પાદન કરવામાં રાષ્ટ્રનાં વૈજ્ઞાનિકો જ ભાગ ભજવે છે, પણ તેની પાછળ રાષ્ટ્રની આર્થિક, રાજકીય કે વંશીય હિતસંબંધો કે સંરક્ષણનો ભાવ વધારે કાર્ય કરતો હોય છે.

સારાંશ, સમગ્ર માનવ-વંશને ભાવનાત્મક એકતામાં બાંધી રાખે એવું પરિબળ હાલના તબક્કે દેખાતું નથી. તેના અનેક કારણો છે જે પૈકી નીચેનાં મહત્ત્વનાં છે :

૧ સમગ્ર માનવજાત એક છે એવો ભાવ વિકસ્યો નથી, માનવજાત રાષ્ટ્ર, વંશ, ધર્મ આર્થિક સમૂહોમાં વહેંચાઈ ગયો છે.

૨ આધ્યાત્મિકતા હજી ધર્મમાંથી છૂટી પડીને પોતાના શુદ્ધ સ્વયંપ્રકાશિત અવસ્થામાં સ્થિર થએલ નથી. વ્યક્તિ અને સમાજ બન્ને શુદ્ધ અધ્યાત્મના આવિર્ભાવનાં માધ્યમો માત્ર છે. બન્ને અધ્યાત્મ માટે જ છે અને તેથી

એકબીજાના વિરોધી નથી એ સમજણ કેળવાએલી નથી. સર્વત્ર એક જ આત્મતત્ત્વ પ્રગટ થવા મથી રહ્યું છે, એ મૂળભૂત સમજણ હજી માનવોને આવી નથી. તે સમજણ આવતા જ દરેક જણ બધાં માટે એક શુભભાવના કેળવશે અને તેને અનુરૂપ જીવશે. માતાજીએ એકતા સંવાદમયતા અને શાંતિનું મૂળભૂત સૂત્ર નીચે મુજબનું આપ્યું છે : "God will for all and good will from all is the basis of peace and harmony". પ્રથમ અને બીજા યુદ્ધોએ તો અધ્યાત્મિક ઉપાયો સિવાયનાં અન્ય ઉપાયો તદ્દન નિરુપયોગી નીવડ્યાં છે એનું જાણે સર્ટિફિકેટ આપી દીધું છે. એટલું જ નહિ પણ શાંતિ સંઘો, આંતરરાષ્ટ્રીય કરારો અને યુનો જેવાની મધ્યસ્થી યુદ્ધને થોડો સમય આગળ ઠેલવા સિવાય કાંઈ કરી શકતાં નથી એ પુરવાર કર્યું છે.

આધુનિક વિચારકો માને છે કે રાષ્ટ્રોનાં પરસ્પર ગોઠવાતા આર્થિક-સંબંધો અને વ્યાપારી ગોઠવણો જ્યારે વૈશ્વિક-સ્તરે સ્થિર થશે ત્યારે તેઓને ખાતરી થશે કે આ આર્થિક-હિત સંબંધો યુદ્ધોનાં કારણે તૂટશે તો તેમની જ પ્રજાને દુઃખી કરવા સમાન પુરવાર થશે અને તેથી રાષ્ટ્રો બધા જ પોતાના સ્વાર્થ ખાતર પણ યુદ્ધોમાંથી પાછા ખસી જવા માંડશે. પણ આ તાર્કિક રીતે ઉપરથી બરાબર લાગતું હોવા છતાં વાસ્તવિકતા આથી જુદી જ છે. વસતી વધારા સાથે વધારે વ્યાપાર ઉત્પાદન અને પર્યાય તેનો ખપ વધારવા અન્યનાં વ્યાપારને તોડવાનો પ્રયત્ન કર્યા વગર નહિ રહે અને તે જ યુદ્ધ અને વિરોધનું કારણ અચૂક બનશે જ..... બીજી બાજુ પ્રાકૃતિક - સંપત્તિનો ખૂટતો ભંડાર આ ઉત્પાદનની સ્પર્ધાને ક્યાંક ઠપ્પ કરી દેશે, એ પણ વાસ્તવિકતા જ છે. અન્ય વૈજ્ઞાનિક માર્ગો શોધાશે તો તે અન્ય પ્રાકૃતિક સંપત્તિનો નાશ શરૂ કરશે. સારાંશ, પ્રાકૃતિક-સંપત્તિનો નાશ સદંતર ચાલતો જ રહેવાની શક્યતા છે.

બીજું, વિશ્વસંઘ જેવી સંસ્થાઓ મધ્યસ્થીનું કાર્ય કરવામાં અસફળ નીવડવાની શક્યતા વધારે છે, કારણ અંતે તેનું સંચાલન રાષ્ટ્રોનાં જ હાથમાં છે જે આવા પોતાનાં વ્યક્તિગત સ્વાર્થ અને હેતુઓથી પર ઊઠી નહિ શકે.

આ પરિસ્થિતિમાં સંઘર્ષ દ્વારા પ્રગતિને બદલે સહકાર દ્વારા પ્રગતિનો વચલા માર્ગનો પણ પ્રયોગ કરાઈ રહ્યો છે. સમગ્ર માનવજાતિનું હિત જ્યાં સુધી માન્ય નહિ થાય, ત્યાં સુધી સહકારનો સિદ્ધાંત ચિરકાલીન પ્રભાવ નહિ પાડે.

પણ હવે માનવોમાં પણ સમગ્ર વિશ્વથી પોતે જુદા નથી એવો ભાવ સહજ રીતે જન્મી રહ્યો છે. કોઈપણ દેશની પ્રાકૃતિક વિપત્તિમાં સમગ્ર વિશ્વમાંથી મદદનાં વહેણ શરૂ થાય છે, તેનાં કારણો નીચે મુજબનાં છે :

૧.	વિજ્ઞાને જગતને એટલું સંકોચી દીધું છે કે હવે રાષ્ટ્રો પોતાની સંસ્કૃતિ, ધર્મ વગેરેને જુદી રાખી જ શકતાં નથી. બધી જ સંસ્કૃતિઓ એકબીજા ઉપર પ્રભાવ પાડીને તેમને સમાન-કક્ષાએ લાવી રહી છે. પરસ્પર સમજણ વધારે કેળવવા લાગી છે. વાહન-સંચાર અને સંદેશ વ્યવહારે, નેટવર્કે હવે મહાન-ક્રાંતિનો જાણે પાયો નાખ્યો છે. બધી સંસ્કૃતિ ઓગળીને એકરસ થવા માંડી છે.

૨.	માનવીની ચેતના પણ શિક્ષણ અને વિજ્ઞાનને કારણે વિકાસ પામી વિશાલ અને સમજુ બની છે.

૩.	ભવિષ્યમાં કદાચ આંતર-ગ્રહીય યુદ્ધ કે વ્યવહાર માનવજાતને વધારે પાસે લાવશે.

૪.	વૈશ્વિક બજારોનાં પરિબળો પણ માનવજાતને સહકાર આપવા ભાગ પાડી રહ્યાં છે.

૫.	રોટરી, લાયન્સ જેવી સ્વૈચ્છિક સેવાકીય સંસ્થાઓનાં પરિમાણો પણ આમાં મદદ કરી રહ્યાં છે. યુનેસ્કોનો પણ ભાગ મહત્ત્વનો છે.

સારાંશ, માનવજાત 'વિશ્વ-ચેતનામાં' જીવતા શીખી રહી છે. ખરેખર ઉપરનાં બાહ્ય પરિબળો એક આધ્યાત્મિક-વિકાસને મદદ કરી રહ્યાં છે એવું જ લાગે છે.

શ્રી અરવિન્દ એકતાનો પાયો ઉપર જણાવેલાં વિવિધ ઘટકો કરતાં નિર્ણાયક તત્ત્વ તરીકે ચૈતસિક તત્ત્વને ગણે છે. ચૈતસિક તત્ત્વ અહંકારની સંકુચિતતાને ખેરવી નાંખીને તેને વિશાલ ચેતનાના એક અવિભાજ્ય અંશ તરીકે જીવતા શીખવે છે અને તે શિક્ષણ પછી પરોપકાર, કરુણાભાવ, નિસ્વાર્થીભાવ અને વિશાળ હિતને ધ્યાનમાં લેવાની માનવને ટેવ પાડે છે. સારાંશ, આત્મતત્ત્વને જીવન મારફત મુક્ત રીતે પ્રગટ થવા દેવાની તેમાં છૂટ આપવામાં આવે છે. માતાજીએ આ સત્યને નીચે મુજબ વર્ણવ્યું છે : ''વિશ્વના સર્જન પાછળનો હેતુ આ જ છે. સર્વ વસ્તુઓ મૂળભૂત રીતે એક જ તત્ત્વ છે : આ એકત્વને પોતાના ખાસ સ્વરૂપ દ્વારા પ્રગટ કરવું એ જ તેનો જન્મહેતુ છે... આમ દરેક વિવિધતામાં એકતા અને પૂર્ણતાને પ્રગટ કરશે.''

દરેક વ્યક્તિની પ્રકૃતિ ભિન્ન હોવાથી તેની મારફત પ્રગટ થતું આત્મતત્ત્વ પણ વિવિધ સ્વરૂપનાં આવિર્ભાવ-પ્રકારો રચશે. લીઓ ટૉલસ્ટૉયનો પુત્ર જેમ ધારતો હતો તેમ એકભાષા, એક વેશભૂષા. સમાન - પરંપરાને કારણે માનવ-એકતા નહિ આવે. પરમ એકતા વિવિધતામાં જ વ્યક્ત થાય છે અને તે માટે જરૂરી છે ચૈતસિક જાગૃતિ, આધ્યાત્મિક વિકાસ અને તેના ઉપર આધારિત માનવ-ધર્મ અને તેને અનુસારનું શિક્ષણ અને આદર્શો. આમ કરશું તો રાજકીય પ્રણાલી, સામાજિક પ્રગતિ, આર્થિક

સદ્ધરતા, રાષ્ટ્રીયતા, વંશ, ધર્મભેદ બધું ગૌણ મહત્ત્વ બની જાય છે. વિકાસની સમાન તક ઊભી કરવી જોઈએ. શુભનિષ્ઠા સર્વત્ર દેખાવી જોઈએ. ઉત્ક્રાંતિ પણ વિવિધતામાંથી એકતા તરફ જ જઈ રહી છે, પણ તેમાં વિવિધતાનો નકાર હોતો નથી ; પણ વિવિધતા એકતાનાં અનંત પાસાં સ્વરૂપ બની જાય છે.

આમ તો પ્રકૃતિએ એકતા માટે ઘણા પ્રયત્નો કર્યા છે. થોડા અયશસ્વી થયાં. થોડા અધવચ્ચે જ ખોરવાઈ ગયાં. અમુકને તો તે તબક્કે મુલતવી પણ રાખવા પડ્યાં. પણ હજી પ્રકૃતિને પોતાનું ધ્યેય હાંસલ થયું નથી. પ્રકૃતિએ હવે બાહ્ય પરિબળો ઉપરાંત આંતરિક પરિબળો પણ આ કામે લગાડ્યાં છે. માનસિક રીતે માનવતા જ એકતા ઝંખવા માંડી છે, સહકાર અને પરસ્પર સમજૂતીના માર્ગો હવે લોકો પસંદ કરે છે. આંતરિક-શાસનથી નિર્માણ થતી એકતા જ ટકાઉ હોય છે.

માતાજીએ ૧૯૬૮માં આવો પ્રયોગ ઑરોવિલની વિશ્વનગરી તરીકે શરૂ કર્યો. તેથી જ આ નગરીનાં પાયામાં ૧૨૨ દેશનાં બાળકોએ સ્વહસ્તે પોતાના દેશની માટી પૂરી આ નગરીનો શુભારંભ કર્યો. માનવપ્રકૃતિની ઊણપો વચ્ચે તે નગરી વિકાસ પામી રહી છે.

વિશ્વરાજ્ય આજે એક દૂરની શક્યતા માત્ર છે તે કેન્દ્રિય સામર્થ્યને કારણે, સમજણને કારણે. સમવાયી તંત્ર કે એક જ વિશ્વરાજ્ય તરીકે રચાશે તેની કોઈ નિશ્ચિતિ નથી. આર્થિક શોષણ રોકવાની તેની પોતાની વિકસેલી પદ્ધતિ હશે. ઉત્પાદનોની સમતુલા અને આયોજન કેવી રીતે કરશે તેનું પણ આપણને જ્ઞાન નથી. પણ સદ્ભાવના અને વ્યક્તિ અને સમષ્ટિનો વિકાસ આ ધોરણો તો ક્ષણે ક્ષણે વપરાતા દેખાશે.

રાષ્ટ્રવાદમાં ઉચ્ચનીચતા કે સ્વાર્થી સંકુચિતતા જોવા નહિં મળે છતાં આંતરિક બાબતમાં ચોક્કસ સ્વાતંત્ર્ય તો ભોગવશે જ.

અંતે, શ્રી અરવિન્દ જણાવે છે કે ત્યારે માનવ-એકતા એક આદર્શ તરીકે નહિં પણ વાસ્તવિક સિદ્ધિ બની જશે. માનવો આ સિદ્ધિને સાચવશે અને દેવો તેને આગામી ઉત્ક્રાંતિમાં ઉપયોગ કરશે. આવા વિશ્વરાજ્યનો નાગરિક વિશ્વશાંતિનો સંદેશવાહક બની રહેશે. ત્યાં જે એકતા હશે (unity) તે એકવિધતા (uniformity) સ્વરૂપની નહિં પણ વિવિધતામાં પરોવેલી એકસૂત્રતા જેવી હશે.

# વેદવિજ્ઞાન

- માનસિંહ ચાવડા

## વૈદિક કર્મકાંડ

## વૈશ્વદેવ યજ્ઞ (૩)

૪ **દેવઃ સવિતઃ પ્રસુવ યજ્ઞં પ્રસુવ યજ્ઞપતિં ભગાય। દિવ્યો ગંધર્વઃ કેતપૂ કેતં નઃ પુનાતુ વાચસ્પર્તિ વાચં નઃ સ્વદતુ॥** (યજુ, ૩૦-૧)

સમગ્ર જગતમાં દૈવી સર્જનશક્તિનું સરખી રીતે વિતરણ કરનાર, પ્રકટ કરનાર, હે સૂર્યનારાયણ (દેવ સવિતઃ) (સ+વિતૃ = વિતરણ કરવાની ક્ષમતા ધરાવનાર સવિતૃની આવી શક્તિ તે જ સાવિત્રી કહે છે) આપના દિવ્ય તેજસ્વરૂપ સાવિત્રી-શક્તિને મારામાં પ્રવેશ કરાવો, જન્મ આપો (પ્રસુવ) તેને કારણે પરમ-ચેતનાના આવિર્ભાવ સ્વરૂપ યજ્ઞની પ્રક્રિયા પણ શરૂ થાય (યજ્ઞંપ્રસુવ). આ પ્રક્રિયા યજ્ઞ કરનારાઓ, ઋત્વિજોનાં બ્રહ્મરંધ્ર અર્થાત્ સહસ્રાર ચક્રમાં શરૂ થાય (યજ્ઞપતિં ભગાય). તે પ્રકાશને ગંધ ધારણ કરનાર શારીરિક તત્ત્વ સુધી લઈ જાય (ગંધર્વઃ = ગંધં અર્વતિ અર્થાત્ પાર્થિવ તત્ત્વ સુધી લઈ જનારી ક્ષમતા. ન્યાયવૈશષિક દર્શનમાં પૃથ્વીતત્ત્વનું લક્ષણ ગંધ કહ્યું છે. - ગંધવતિ પૃથ્વી) જે વચમાં જ મન અને પ્રાણતત્ત્વને પણ પુનિત, પવિત્ર કરે છે (કેતૂપ) તે અમારા વિચાર, ભાવનાઓને પણ પવિત્ર કરતી જાય (નઃ પુનાતુ) તેને કારણે નિર્માણ થએલા દિવ્યભાવોને, હે વાણીના અધિપતિ વાચસ્પતિ (વાચસ્પતિ); આપ મારી વાણીને પ્રેરણા આપી ચાલના આપો (નઃ સ્વદતુ).

આ વિભાવનાઓને કારણે આંતર પ્રક્રિયા થઈ પ્રકાશ અવતરણની જે આંતર-અનુભૂતિ થાય છે તેમાં ક્રમશઃ ચાર તબક્કા રચાય છે :

૧ ચિત્તમાં જ્યોતકલિકાની, પ્રકાશની અનુભૂતિ જેને ‘અગ્નિ’ (ચૈત્યપુરુષ) કહે છે.

૨ તેમાંથી નીકળતા સૌમ્ય આનંદદાયક પ્રકાશનું સમગ્ર શરીરમાં છલોછલ છવાઈ જવું તેને ‘સોમ’ કહે છે.

૩ સમગ્ર શરીરનાં કોષો આ પ્રકાશને ધારણ કરતા થઈ પ્રકાશિત થઈ ઊઠે છે, તેથી સમગ્ર શરીરમાં વિવિધ પ્રકાશરંગી ટપકાંઓ, સ્ફુલિંગો દેખાય છે, તેને ‘પ્રજાપતિ’ કહે છે.

૪ શરીર ફરતે બહાર એક અંડાકૃતિ તેજોવલય નિર્માણ થાય છે જેને ‘ઈન્દ્ર’

કહે છે, જે સાધકનું સંરક્ષણ કવચ-સ્વરૂપ છે. આ ચારે તબક્કાની પ્રક્રિયાને શ્રદ્ધા, એકાગ્રતા અને અભીપ્સાથી (વૈદિક ભાષામાં ઘીથી) પ્રજ્જવલિત કરી તેને મદદરૂપ થઈ શ્રદ્ધાથી આધાર આપવાની પ્રક્રિયા કરવામાં આવે છે જેને 'આધાર-આજય-આહુતિ' કહેવામાં આવે છે તેના મંત્રો નીચે મુજબનાં છે :

**૧ ૐ અગ્નયે સ્વાહા। ઈદં અગ્નયે। ઈદંન મમ॥**

મારી એકાગ્રતાને હું આ ચિત્તમાંના પ્રકાશસ્વરૂપ અગ્નિમાં સ્થિર કરી તેની સાથે શ્રદ્ધાથી એકરૂપ થાઉં છું (અગ્નયે સ્વાહા), તે એકાગ્રતા ચૈત્યપુરુષને આધિન છે (ઇદં અગ્નયે) મારા અહંકારને આધિન નથી (ઇદં ન મમ).

**૨ ૐ સોમાય સ્વાહા। ઈદં સોમાય। ઈદં ન મમ॥**

હું આ મારી એકાગ્રતાને શરીરમાં ફેલાએલા સૌમ્ય પ્રકાશમાં શ્રદ્ધાથી સ્થિર કરી તેની સાથે એકરૂપ થાઉં છું. હવે તે શરીરવ્યાપી 'સોમ'ને આધિન છે. અર્થાત્ તેની પ્રેરણાથી ચાલશે (ઇદં સોમાય) મારા અહંકારને આધિન નથી (ઇદં ન મમ).

**૩ ૐ પ્રજાપતયે સ્વાહા। ઈદં પ્રજાપતયે। ઈદં ન મમ॥**

હું આ એકાગ્રતાને પ્રકાશમય કોષોનાં સંચાલકમાં સ્થિર કરી તેની સાથે એકરૂપ થાઉં છું. (પ્રજાપતયે સ્વાહા) આ સમગ્ર કોષો પ્રજાપતિને આધિન છે (ઇદં પ્રજાપતયે). મારા અહંકારને આધિન નથી (ઇદં ન મમ).

**૪ ૐ ઈન્દ્રાય સ્વાહા। ઈદં ઈન્દ્રાય। ઈદં ન મમ॥**

હું આ એકાગ્રતાને શરીર ફરતે રહેલ તેજોવલય (શ્રી અરવિન્દ તેને પ્રકાશિત મન કહે છે) સ્વરૂપ ઈન્દ્રમાં સ્થિર કરી તેની સાથે એકરૂપ થાઉં છું (ઇન્દ્રાય સ્વાહા) આ પ્રકાશવલય ઇન્દ્રને આધિન છે (ઇદં ઇન્દ્રાય), મારા અહંકારને આધિન નથી (ઇદં ન મમ).

આ જે પ્રકાશના અવતરણ બાદની સાધકના સ્વરૂપના રૂપાંતરની પ્રક્રિયા છે (ચૈતસિક રૂપાંતર) તેનું મૂળ કયાં છે તે દર્શાવાતા મંત્રો હવે જણાવે છે આ દિવ્યપ્રકાશ સ્વરૂપ સાવિત્રી શક્તિ, અતિમનસ શક્તિ વૈદિક ભાષામાં અદિતિ અથવા 'બ્રહ્મવર્ચસ', સૂર્યમાંથી ઉત્સર્જિત થતી હોય છે. સૂર્યદ્વારા જ તે ભૌતિક વિશ્વમાં પ્રવેશે છે, તેથી જ સૂર્યને અદિતિના આવિર્ભાવ કેન્દ્રસ્વરૂપ 'આદિત્ય' કહેવામાં આવે છે. આ આદિત્ય દ્વારા જે શક્તિ કે ઊર્જા ફેંકાય છે તે સૂર્યસ્વરૂપ જ છે, તે પ્રકાશમય છે, જ્ઞાનદાયક ગાયત્રી (જ્યોતિ) પણ છે અને સર્જનશક્તિ સ્વરૂપ 'સાવિત્રી' પણ છે (વર્ચસ્). આ ગૂઢ રહસ્ય બતાડતાં આ મંત્રો છે. આ ભાવોને પોષવા એને જ 'મુખ્ય હોમ' કહે છે.

**૧ ૐ સૂર્યો જ્યોતિઃ જ્યોતિઃ સૂર્યો સ્વાહા।**

સૂર્ય જ જ્યોતિ અર્થાત્ ગાયત્રીશક્તિ સ્વરૂપ જ છે અને (સૂયો જ્યોતિઃ) ગાયત્રી સ્વરૂપ જ્યોતિ સૂર્યસ્વરૂપ જ છે (જ્યોતિઃ સૂર્યો) તેની સાથે હું એકરૂપ થાઉં છું. (સ્વાહા)

**૨ ૐ સૂર્યો વર્ચો જ્યોતિઃ વર્ચઃ સ્વાહા।**

સૂર્ય જ સર્જનશક્તિ સ્વરૂપ સાવિત્રી છે (સૂયો વર્ચોઃ) અને જ્યોતિસ્વરૂપ ગાયત્રી જ સર્જનશક્તિ રૂપ સાવિત્રી છે (જ્યોતિઃ વર્ચઃ) હું તેની સાથે એકરૂપ થાઉં છું. (સ્વાહા). સારાંશ, પ્રકાશ અને સર્જનશક્તિ બે અલગ શક્તિ નથી પણ એક જ દિવ્ય-શક્તિનાં બે પાસા છે.

**૩ ૐ જ્યોતિઃ સૂર્યઃ, સૂર્યો વર્ચઃ સ્વાહા।**

જ્યોતિસ્વરૂપ ગાયત્રી જ સૂર્ય છે અને સૂર્ય જ સર્જનશક્તિ સ્વરૂપ સાવિત્રી છે. તેની સાથે હું એકરૂપ થાઉં છું.

**૪ ૐ સજુર્દેવેન સહિતા સજુરુષસેન્દ્રવત્યા જુષાણઃ સૂર્યો વેતુઃ સ્વાહા** (યજુ. ૩-૧૦)

આદ્યે રહેલ ભગવાન સૂર્યનારાયણમાંની સાવિત્રી શક્તિ (સજુર્દેવેન સહિતા) તેના તેજ સાથે સ્વરૂપમાં પ્રવેશ થતાં નિર્માણ થતી ઉષા અને તેને કારણે નિર્માણ થતાં શરીર બહારના પ્રકાશવલય સ્વરૂપ ઇન્દ્ર સાથેનું (સજુરુષસેન્દ્રવત્યા જુષાણઃ) સ્વરૂપ એ પણ જ સૂર્ય છે એનું મને હવે જ્ઞાન થયું છે (સૂર્યો વેત્તુઃ). હું આ આ સમગ્ર પ્રક્રિયા અને નવ રચિત દિવ્ય - સ્વરૂપ સાથે એકરૂપ થાઉં છું (સ્વાહા).

હવે આ જ પ્રક્રિયા થોડા ફેરફાર સાથે શરીરમાં સ્થિર થએલ પ્રકાશસ્વરૂપ અગ્નિ (ચૈત્યપુરુષ) માટે પણ કરવામાં આવે છે. તેના મંત્રો નીચે મુજબનાં છે :

**૫ ૐ અગ્નિર્જ્યોતિ જ્યિોતિરગ્નિ સ્વાહા।**

શરીરમાં રહેલી શારીરિક-ચેતના (અગ્નિ) એ જ પ્રકાશ છે (જ્યોતિઃ) જે પ્રકાશ છે (જ્યોતિઃ) તે જ અગ્નિ છે (અગ્નિઃ) બન્ને એક જ છે. હું તે પ્રકાશ સાથે એકરૂપ થાઉં છું. (સ્વાહા)

**૬ ૐ અગ્નિર્વર્ચો જ્યોતિર્વર્ચઃ સ્વાહા।**

શરીરમાં રહેલી શારીરિક -ચેતના જ (અગ્નિઃ) દિવ્ય-શક્તિ છે (વર્ચોઃ) જે દિવ્ય પ્રકાશ છે (જ્યોતિઃ) તે જ દિવ્ય-શક્તિ પણ છે. ત્રણે એક જ છે, હું તેમની સાથે એકરૂપ થાઉં છું. (સ્વાહા)

૭ ॐ જ્યોતિઃ અગ્નિઃ અગ્નિઃ જ્યોતિ સ્વાહા।

જે દિવ્ય - પ્રકાશ છે (જ્યોતિઃ) તે જ શારીરિક-ચેતના છે (અગ્નિઃ) જે શારીરિક ચેતના છે (અગ્નિઃ) તે જ દિવ્ય પ્રકાશ પણ છે (જ્યોતિઃ) હું તેમની સાથે એકરૂપ થાઉં છું . (સ્વાહા)

૮ ॐ સજુર્દેવેન સવિત્રા સજૂ રાત્રેન્દ્રવત્યા જુષાણો અગ્નિર્વેત્તુઃ સ્વાહા।

મારામાં પ્રવેશેલ પ્રકાશમય સાવિત્રી શક્તિ સાથે, તેમ જ મારા શરીર બહારના પ્રકાશવલય સ્વરૂપ ઈન્દ્ર અને શરીરમાં હજી છૂટક છવાયો અચેતનતાના અંધકાર સ્વરૂપ રાત્રી સાથે (સજુ રાત્રેન્દ્રવત્યાજુષાણો) આ અગ્નિનું સમગ્ર સ્વરૂપ છે તે મેં હવે જાણ્યું છે (અગ્નિર્વેત્તુઃ). હું તેની સાથે એકરૂપ થાઉં છું (સ્વાહા) (અચેતનની, અભાનતાની રાત્રીએ ફક્ત ગુપ્ત પ્રકાશ જ જેને 'કૃષ્ણસૂર્ય' એવું વેદોમાં જણાવેલું છે.) (ક્રમશઃ)

---

(પૃ.૪૬ ઉપરથી)

## સાંજના વાર્તાલાપો

આધ્યાત્મિક વ્યક્તિની સાત્ત્વિકતા પણ વધારે વિનાશ નોતરે છે. આધ્યાત્મિક વ્યક્તિએ પ્રસંગે પ્રતિકાર કરવો જ જોઈએ. પછી ભલે તે પ્રતિકાર શારીરિક હોય કે આત્મબળનો હોય.

શ્રી અરવિન્દે બીજા વિશ્વયુદ્ધ દરમિયાન આત્મિક બળથી માનવ સર્વનાશનો વિરોધ કરેલો. ઘણી વખત સમય જ વિનાશ નોતરવા કટિબદ્ધ થતો હોય છે. 'લોકક્ષયકૃત' બને છે. સૌંદર્ય અને ભીષણતા બન્ને જીવનની વાસ્તવિકતા છે; આપણે તે સ્વીકારવું પડશે, નહીં તો ભૌતિક જીવન ઉપરની પકડ ખોઈ બેસશું અને મોટા વિનાશને ઉઘાડું મેદાન આપશું.

પણ હિંસા અને યુદ્ધ એ અંતિમ ઉપાય છે એ વિવેક રાખવો જરૂરી છે.


## અનેરી તક

**પોંડીચેરીની સ્પીરીચ્યુઅલ બુકશોપ વાક્‌ના મેનેજરશ્રી મહેન્દ્રભાઈ શાહની યાદી જણાવે છે કે શ્રી માતાજીના અંગ્રેજીમાંના પૂરેપૂરા સત્તર વોલ્યુમ્સ આપને ફક્ત રૂા.૨,૦૦૦ + પોસ્ટેજ ખર્ચમાં સ્ટોક હશે ત્યાં સુધી મળશે.**

**સંપર્ક : (૦૪૧૩) ૨૩૩૬૬૭૨ ૨૩૩૪૫૪૨, (૦૯૪૪) ૨૫૪૫૯૧૩**

# સર્વાંગી - આરોગ્ય

- શ્રી અરવિન્દ, શ્રી માતાજી

(Integral Healing પૃ.૪૮-૫૩)

અવતરણો

## શારીરિક મનની શક્તિ

1 You must not accept (the suggestions of illnesses) but reject it with your physical mind... the body obeys almost totally what you believe..... the mind has considerable power of formation and a direct action on the body, and usually one uses this power to make one self ill. P.48

2 One used the same capacity to make favorable formulations..... to give confidence to the body, to tell it that, it is just a passing disturbance..... P.49

3 .... till you are about thirty, you have an absolute trust in life..... there is this certainty in the body..... that it will be all right. P.49

4 Even a thought that is subconscious, and sometimes quite unconscious acts and produces fantastic results.P.50

5 ..... the impression that certain things happen in the body independently of.... not only of our will..... it is not true. P.51

6 What a mass of vibrations ? The vibration of the thing you are eating, the vibrations of the person who cooked it....All the time..... it never stops. P.51

7 ..... Once this whole mass of the physical mind is mastered and the Brahmic consciousness is brought into it in a continuous way..... you become the master of your health. P.51

8 When you take a wrong attitude, it immediately sets off every disorder..... P.51

9 ... the whole universe is rolling along smoothly..... if they (attitudes) were in the right position..... there would be no friction. P.52

10 ..... the trick..... is to tell the cells that this is not at all what is expected of them..... I have told them (cells) only. You have to be conscious of the movement (habit of repetition)... you must not go on repeating. P.53

11 It (making understand the cells) is a very very quiet power of persuasion..... exerted very gently but very confidently and very persistently. P.53

## **સમજૂતી** - માનસિંહ ચાવડા

પ્રકરણ - ૫

માંદગીની સંવેદનાઓ આપણા પ્રભામંડળમાં પ્રવેશે ત્યારથી જ આપણા શારીરિક મને તેનો ઈન્કાર કરી દેવો જોઈએ. શારીરિક મન એ શરીરનાં સંચાલનનું મુખ્ય કેન્દ્ર છે. તે જ આંતરિક ઇન્દ્રિયોને કાર્યરત રાખે છે. તે શરીરને ટકાવવા માટે જે જરૂરી હોય તે બધું કરતું હોય છે. આપણી બધી સહજ પ્રેરણાઓ (instincts) એ તેની જ ટેવો હોય છે પણ તે ભીરુ હોય છે. યાંત્રિક રીતે પુનરાવર્તન કરતાં રહેવું એ તેનો સ્વભાવ છે. તે શારીરિક મનમાં જ માંદગીનાં સંવેદનો જાગતાં જ ભીતિ નિર્માણ થાય છે. તે ચિંતાતુર થઈ જાય છે. કાલ્પનિક ભાવિની ભયંકર ઘટનાઓનું ચિત્ર આંખો સામે રચે છે. તેની આવી ખોટા નકારાત્મક ઘડતરો રચવાની ટેવ જ આપણામાં પ્રવેશતા માંદગીનાં આંદોલનોને પ્રવેશની સંમતિ આપી દે છે. આ ભૌતિક અથવા શારીરિક મનને સમજાવી ફોસલાવીને પ્રોત્સાહન આપીને તે માંદગીના સંવેદનોને નકારવાની ક્ષમતા ધરાવે છે એવો આત્મવિશ્વાસ તેમાં જગાવવાનો છે.

આપણે એક વસ્તુ ખૂબ જ ધ્યાનમાં રાખવાની છે, શારીરિક મન જેવું વિચારે છે તે મુજબ જ શરીર સ્વીકારે છે. તેથી શારીરિક-મનની ખોટી ભૂમિકા, ખોટા ખ્યાલો અથવા માન્યતાઓ જ શરીરને નબળું પાડે છે. તેની સહજ સમતુલાને, સંવાદમયતાને, તાલબદ્ધતાને ધક્કો પહોંચાડે છે. સાચી સમજણ, સાચા વિચારો નિરામય શરીર માટે ખૂબ જ અગત્યનાં છે.

શારીરિક મન પોતાની સામે જે કાલ્પનિક ચિત્રો કે દ્રશ્યો સર્જે છે, તેને તેનાં ઘડતરો શરીરનો આત્મવિશ્વાસ વધારનારા હોય તો તે શરીરને મદદ કરે છે. તેનો નાશ કરનારા હોય તો અપાય કરે છે. આ શારીરિક મનની ઘડતરો રચવાની ક્ષમતાનો આપણે રચાત્મક ઉપયોગ કરીને શારીરિક-તંદુરસ્તી કેળવી શકીએ છીએ. દુર્ભાગ્યે ભીરુ શારીરિક મન નકારાત્મક ઘડતરો જ વધારે રચે છે અને પોતાના જ કાર્યને ખોરવી નાંખે છે. શરીરને ઘડતરો દ્વારા ખાતરી કરાવો કે આ માંદગીનાં સંવેદનો પસાર થઈ જશે અને તેનો કાંઈ જ પરિણામ નહિ થાય. શરીર યુવાન હોય, ત્રીસીની આસપાસનું હોય, ત્યારે શારીરિક મન પણ રચનાત્મક વિચારો વધારે

રાખે છે. નાનાં બાળકોને રમતમાં વાગવા-પડવાની થએલી ઈજાને તેઓ ગણકારતાં નથી અને તેમને ખરેખર કાંઈ જ થતું નથી. જે બાળકો વાગવાથી ભયાનક કલ્પના કરવા માંડે છે તે વહેલા માંદાં પડી જાય છે.

શારીરિક મનના વિચારો બધા જ સભાન કે જાગૃત મનનાં સ્તરનાં જ હોય છે એવું નથી. તે અવચેતન કે અચેતનનાં સ્તરે હોય તો પણ શરીર ઉપર તેનો તેટલો જ પરિણામ થાય છે.

શારીરિક મનને કેળવવાનો બીજો પણ ઉપાય છે. ભારતમાં તેને બ્રહ્મભાવ કહે છે. પોતે શરીર નથી પણ સર્વવ્યાપી આત્મા છે. આવો ભાવ સતત ધરાવવાથી પણ શારીરિક મન, સમતા, નિર્લેપતામાં, અલિપ્તતામાં રહેતા શીખે છે, તેની આ નિર્લેપતા જ તેના નકારાત્મક વિચારોને નષ્ટ કરી નાંખે છે અથવા નબળા પાડી નાંખે છે.

આપણા આ સમગ્ર જગતમાં અનંત આંદોલનો સમગ્ર વાતાવરણમાં ઘૂમરિયાં ખાતાં હોય છે. આમાંના ઘણાખરા નકારાત્મક જ હોય છે. આ પ્રદૂષણને સામાન્ય લોક જાણતા હોતા નથી, તેથી તેઓ તેનાં ભોગ બની જાય છે. દરેક વસ્તુમાં સારા નરસા આંદોલનો હોય જ છે, તેમનો સતત મારો આપણા શારીરિક મન ઉપર થતો જ હોય છે. આ બધું સભાન રીતે ચાલવાથી આપણને લાગે છે કે આપણા શરીર ઉપર આપણું કાંઈ નિયંત્રણ નથી. તે આપણા વિચાર ગણકાર્યા વગર જ પોતાની રીતે જીવે છે. પણ આ ખરેખર વાસ્તવિકતા નથી. આપણા શારીરિક મન દ્વારા આપણે જ અવચેતનમાં અને અચેતનમાં રહી શરીર ઉપર તે વસ્તુઓ લાદીએ છીએ, જેની આપણને ખબર જ હોતી નથી. ખરેખર તો આપણે આપણા સાચા માલિક છીએ. ખોટી ભૂમિકા લેવાથી જ શરીરને નુકસાન થાય છે. તે જ શરીરમાં અવ્યવસ્થા અને ગડબડ નિર્માણ કરે છે.

આ શારીરિક મનને બદલવા આપણે કોષોને બદલવાનો પ્રયત્ન કરવો પડે છે. જૂની ટેવોને યાંત્રિક રીતે સમૂહમાં પુનરાવર્તન કરવું એ ખરેખર તેમનું કામ જ નથી. તેમણે સાચી ચેતનામાં રહેવું અને તેને ધારણ કરવી એ જ તેમનું સાચું કાર્ય છે. સાચી ચેતનાનાં ભાવો રચી તેનાં આવર્તનો કરીને જ કોષોને ઉગ્રતા ધારણ કર્યા વગર, નિર્દયતા દાખવ્યા વિના જ તેમનું રૂપાંતર જ કરી શકાય છે. એક સમતાભરી સમજણની મદદથી જ કોષોને સાચું વલણ લેવરાવીને આપણા શારીરિક મનને બદલી શકાય છે.

# સાંજના વાર્તાલાપો

- શ્રી અંબુભાઈ પુરાણી

## જીવનની વાસ્તવિકતાઓ

પ્રકરણ - ૧

**સમજૂતી** - માનસિંહ ચાવડા

**શિષ્ય :** મહાત્મા ગાંધીએ ગીતાને રૂપકાત્મક ગણી છે. પાપોનાં પ્રતીક કૌરવો. પુણ્યનાં પાંડવો. તેમનો સંઘર્ષ નૈતિક અને આધ્યાત્મિક સંઘર્ષ છે. ગીતા રાજકીય કે રાષ્ટ્રીય વાસ્તવિક મહાયુદ્ધને આલેખતી નથી. તે આધ્યાત્મિક સંઘર્ષનું જ વર્ણન છે.

**શ્રી અરવિન્દ :** ગીતામાં મરણ પામેલા સ્વજનો માટે શોક ન કરવાની વાત આવે છે. જો આ પાપના નાશની જ ઘટના ગણીએ તો કયો મૂર્ખ પાપના નાશ માટે શોક કરતો હશે, જેને તેવી સલાહ આપવાની જરૂર પડે ?

વળી 'હન્યમાને શરીરે' આ શબ્દ શું પાપના શરીરના નાશની વાત લાગે છે ? આ વાસ્તવિક ભૌતિક શરીરના નાશની જ વાત છે. સામાજિક-જીવનમાં હિંસા એક વાસ્તવિકતા છે.

**શિષ્ય :** મેં અમદાવાદના સાબરમતી આશ્રમના મારા મિત્રને 'ગીતા પર નિબંધો''નું છઠ્ઠું પ્રકરણ વાંચી સંભળાવેલું. તે કોઈ જવાબ ન આપી શક્યો.

**શ્રી અરવિન્દ :** પાપીઓના નાશ સિવાય પાપ ખાળી શકવું બધે જ શક્ય નથી. શ્રીકૃષ્ણે પોતે કૌરવોને સમજાવવાનો પ્રયત્ન કરેલો. વિદુરે પણ કરેલો, પણ ન ફાવ્યાં. તેથી અંતિમ અનિવાર્ય ઉપાય તરીકે યુદ્ધનો પર્યાય સ્વીકાર્યો, પરિસ્થિતિનુસાર 'અનિષ્ઠ'નો અર્થ બદલાય છે. ઘણી વખતે યુદ્ધ પણ ઈષ્ટ બની જાય છે.

સત્ત્વગુણને પણ અતિક્રમી જવાની વાત શ્રીકૃષ્ણ આ માટે જ કરે છે. ઘણી વખત સાત્ત્વિક બંધન વધારે ગંભીર દૂષણને આવકારે છે.

શ્રી અરવિન્દે આ સમજાવવા વશિષ્ઠની વાત કરેલી. વશિષ્ઠે કામધેનુની મદદથી વિશ્વામિત્રની સેનાની સરભરા કરી. વિશ્વામિત્રને લાગ્યું કે કામધેનુ તેના જેવા રાજવીને જ લોકકલ્યાણ માટે મળવી જોઈએ. તેણે માંગણી કરી, વશિષ્ઠે ના પાડી. વિશ્વામિત્ર તેને બળજબરીથી લઈ જવા તૈયાર થયા. કામધેનુને જવું નહોતું, પણ વશિષ્ઠે વિશ્વામિત્રની સાથે સંઘર્ષની હામ ભીડી નહી. અંતે કામધેનુએ ચૈતસિક શક્તિઓથી વિશ્વામિત્રના સૈનિકોનો સંહાર કર્યો.

(પૃ.૪૨ ઉપર)

# અતિમનસના ભગીરથી મહોયોગી શ્રી અરવિન્દ

- શ્રી જયેશભાઈ દેસાઈ

શ્રી અરવિન્દ ભારતની સ્વતંત્રતાના મહાન નેતા તો હતા જ, પરંતુ તેમને ભાવિ - વિશ્વ અતિમનસના ભગીરથ અને મહાયોગી તરીકે વધુ યાદ કરશે. જૂના યોગનાં જ્યાં અંત આવે છે ત્યાંથી શ્રી અરવિન્દના પૂર્ણયોગનો પ્રારંભ થાય છે. સમસ્ત જીવન યોગ છે. આ પૃથ્વીની ઉત્ક્રાંતિ ઝડપી બનાવવા, પૃથ્વીની સ્થિતિમાં આમૂલાગ્ર પરિવર્તન લાવવા, તથા આ પૃથ્વી પર માનવજાતને જે પ્રશ્નો અને કોયડાઓ ત્રાસ આપી રહ્યા છે તેમાંથી મુક્તિ અપાવવા, અજ્ઞાન, ગુલામી, મૃત્યુ અને દુઃખમાં સબડતી માનવજાતને એક આનંદપૂર્ણ, સમૃદ્ધ અને સંવાદમય ભાવિ આપવા શ્રી અરવિન્દે ઘોર તપસ્યા કરી, સૂક્ષ્મમાં સૂક્ષ્મ લડાઈઓ લડ્યા, ઘા સહન કર્યા, ઘોર અંધકારમાં ઘોરીમાર્ગો કંડાર્યા, અધિમનસ ચેતનાને પૃથ્વીના ભૌતિક વાતાવરણમાં અવતરિત કરી. શ્રી અરવિન્દનું આ અવતાર કાર્ય સૂક્ષ્મમાં સિદ્ધ થઈ ગયું છે અને અત્યારે પણ ચાલુ છે અને ભવિષ્યમાં ચાલુ પણ રહેશે એવી ખાતરી તેઓએ આપેલ છે. માનવજાત અજ્ઞાન અને ગુલામીની ધૂંસરી ફેંકી દેશે, નવી ઊર્ધ્વતર ચેતનાઓને ધારણ કરતા નવમાનવોથી આ પૃથ્વી ઉભરાશે અને એક સુંદર, સંવાદમય માનવ સંસ્કૃતિ આ પૃથ્વીને પાટલે સ્થપાશે.

આ સંદેશ માનવતાને આપવા શ્રી અરવિન્દ આ પૃથ્વી પર આવ્યા હતા. શ્રી અરવિન્દ આ પૃથ્વી પર કોઈ નવી વિચારસરણી માટે નહોતા આવ્યા, એ કોઈ નવા ધર્મને સ્થાપવા માટે નહોતા આવ્યા. એ તો પ્રભુના પૃથ્વી પરના સીધેસીધે મહાઅસરકારક કાર્ય માટે આવ્યા હતા. શ્રી માતાજી કહે છે કે પૃથ્વીની ઉત્ક્રાંતિમાં દરેક મહત્ત્વના વળાંકો શ્રી અરવિન્દની અધ્યક્ષતામાં આવ્યા છે. શ્રી અરવિન્દનો યોગ એ પૃથ્વી માટેનું મહાઅવતાર કાર્ય છે.

**શ્રી અરવિન્દનો પૂર્ણયોગ**

શ્રી અરવિન્દ યોગને બે દ્રષ્ટિબિંદુથી નિહાળે છે. એક મનુષ્ય - વ્યક્તિ પોતાના આંતર વિકાસને ઝડપી બનાવવા યોગનો આશ્રય લે છે. મધર નામની પુસ્તિકામાં શ્રી અરવિન્દ કહે છે : એવી બે જ શક્તિઓ છે જેમના કાર્યનો એકીસાથે યોગ થાય તો આપણી યોગસાધનાના મહાન અને કષ્ટસાધક ઉદ્દેશને સિદ્ધ કરવા સમર્થ બને. એક નીચેથી એટલે માનવતામાંથી સાદ કરતી સ્થિર અને સદા જાગ્રત અભીપ્સા તથા ઊર્ધ્વ

લોકોમાંથી ઉત્તર આપતી પ્રભુની કરુણા. આ અભીપ્સા જાગ્રત થાય એટલે એના અંતરાયરૂપ જે કાંઈ હોય તેનો પરિત્યાગ કરવો રહ્યો. આ પ્રક્રિયાની સાથે સાથે જ્યારે માનવ પ્રભુને પોતાનું અશેષ આત્મસમર્પણ કરે છે, ત્યારે અભીપ્સા, પરિત્યાગ, સમર્પણનો માનવ-પ્રયત્ન પ્રભુની કૃપાને ખેંચી લાવે છે અને જે આંતરપ્રગતિ અન્યથા સૈકાઓમાં ના થાય એ થોડાં વર્ષમાં ઘટિત થાય છે. આ માનવ-વ્યક્તિનો યોગ છે. એમાં જગતનાં કાર્યનો ત્યાગ કરવાનો નથી, પરંતુ શ્રીમદ્ ભગવતગીતાના કર્મયોગને અનુરૂપ સર્વ કામો પ્રભુને સમર્પિત ભાવથી કરવાનાં છે.

બીજો પ્રકૃતિનો યોગ છે, પૃથ્વીની અને માનવતાની ઝડપી ઉત્ક્રાંતિ માટેનો સામૂહિક યોગ છે. રૂપાંતરણના આ મહાયોગ માટે પૃથ્વીના ભૌતિક અણુઓમાં પ્રથમ અધિમનસ ચેતનાને ઉતારી પ્રસ્થાપિત કરવી પડે. ૧૯૧૦ થી ૧૯૨૬ સુધી શ્રી અરવિન્દ ઘોષે તપ કરી ૨૪ નવેમ્બર ૧૯૨૬ને દિવસે અધિમનસ ચેતનાને પૃથ્વીના તત્ત્વમાં પ્રસ્થાપિત કરી. આના આધાર પર સર્વોચ્ચ, મહાસમર્થ, કાળજયી, રૂપાંતર કરવા માટે સમર્થ એવી અતિમનસ ચેતનાના અવતરણ માટે ૧૯૨૬ પછી શ્રી અરવિન્દ તપસ્યા કરવા એકાંતમાં ચાલ્યા ગયાં. તે અવતરણની ભૂમિકા તૈયાર કરવા તેમણે પોતાનો દેહ છોડી દેવાનું નક્કી કર્યું તથા શ્રી માતાજીને આ કાર્ય પૂર્ણ કરવાનું સૂચન કર્યું. તદ્અનુસાર તા.૫ ડિસેમ્બર ૧૯૫૦ને દિને વહેલી સવારે ૧.૨૬ કલાકે શ્રી અરવિન્દ દેહમાંથી ખસી ગયા. શ્રી માતાજીએ આ કાર્ય ચાલુ રાખ્યું અને ૨૯મી ફેબ્રુઆરી ૧૯૫૬ને દિવસે સાંજે ૭.૦૦ વાગે અતિમનસ ચેતનાનું પૃથ્વી પર પ્રસ્થાપન શક્ય બન્યું. ત્યારથી માંડી અતિમનસ ચેતના અત્યાર સુધી કાર્ય કરી રહી છે અને સમગ્ર રીતે પૃથ્વીનું ઝડપથી રૂપાંતરણ સાધી કરી છે. માનવજાત અતિમનસના રૂપાંતરકાર્યને સંમતિ આપશે તો શાંતિથી સમન્વનીય રીતે રૂપાંતર સિદ્ધ થશે. માનવો અને રાષ્ટ્રો સહકાર નહીં કરે તો તેમનો નાશ કરીને પણ અતિમનસ ચેતનાશક્તિ તેના ઉદ્દેશો સિદ્ધ કરશે, જે ઝડપી સામ્રાજ્યવાદનું પતન થયું તે આ શક્તિના કાર્યનું એક ઉદાહરણ છે.

પ્રભુની અને દિવ્ય શ્રીમાંની જે શક્તિ રૂપાંતર માટે કાર્ય કરી રહી છે ને એક હોવા છતાંય અનેકરૂપે અનુભવાય છે; તે વ્યક્તિગત, વૈશ્વિક અને વૈશ્વાતિત રૂપે સમજવી રહી, અનુભવવી રહી. આ શ્રીમાંની શક્તિને આપણામાં કાર્ય કરવા માટે આપણે પોકરવાની છે. એ પોકાર પ્રતિઘોષિત થતાં અભીપ્સા પરિત્યાગ અને સમર્પણથી તૈયાર થયેલ માનવચિત્તમાં શ્રીમાંની કૃપા કાર્યનું આવતરણ થાય છે અને માનવનું રૂપાંતર છે.



## શ્રી અરવિંદ

વેદ-રહસ્ય ઉદ્‌ઘાટકઃ, આર્ય-સંસ્કૃતિ સુઘોષકઃ ।
ગીતાર્થ-સત્ય પ્રકાશકઃ, યોગ સમન્વય સુકારકઃ ॥

# મા આદ્યાશક્તિ

મા ભગવતીનાં સ્વરૂપ બે, અંબિકા, ઉમા તથા,
જગનિર્માણનાં કાર્યમાં, તે ધરે અંબિકા રૂપ સદા. ॥૧॥

જગત્જનની તેથી ગણી, ધરે અવનવા રૂપ,
ત્રણ ગુણોની રમત રમે, ને પ્રભુને કરે જીવ-રૂપ. ॥૨॥

જગત વિલય પામે અને જીવ બને પ્રભુરૂપ,
ત્યારે તે ઉમા રૂપ ધરે, પ્રણવ, ૐકાર, સ્વરૂપ. ॥૩॥

''ઉ'' અહોભાવ ગણ્યો, ''મા'' વર્ણનનો નકાર,
ઉમાનો અર્થ તેથી કહ્યો, ગૂઢ-અનિર્વચનીય ધાર. ॥૪॥

આદ્યા શક્તિ તેને ગણે, દિવ્ય-શક્તિનો સ્રોત,
પ્રભુ તણી ચિત્-શક્તિને, દિવ્ય-જ્ઞાનની જ્યોત. ॥૫॥

પ્રજ્ઞા-શક્તિ તેને ગણી, બ્રહ્મ-વર્ચસ્ પણ તે જ,
વિશ્વશક્તિ રૂપ દેવબધાં, તેના જ પ્રવાહો અનેક. ॥૬॥

(અષ્ટ પ્રકૃતિ દ્વારા મા આદ્યાશક્તિ કાર્ય કરે છે, તેથી તે અષ્ટભુજાળી છે. ચક્ર કાળચક્રનું, તલવાર વિવેકશક્તિનું, ગદા સ્થૂળરૂપ ધારણ-ક્ષમતાનું, અભયમુદ્રા મુક્તિદાતા તરીકેનું, શંખ અનાહત ધ્વનિનું, ધનુષ ઉત્ક્રાંતિના નિશ્ચિત ધ્યેયનું તથા ત્રિશૂળ માનવની પ્રગતિ માટે વપરાતા ત્રણ પ્રકારના શૂલ, દુઃખોનું પ્રતીક છે. પ્રલયાવસ્થામાં મા આદ્યાશક્તિ ઉમારૂપ છે. સર્જનકાળમાં અંબિકારૂપ છે, મા જ્ઞાન અને સર્જનશક્તિનું પ્રતીક છે, પ્રજ્ઞાસ્વરૂપ છે. જગતની વિવિધતારૂપ વાઘ વાહન તરીકે છે.)

---

**સહજ-સત્સંગ**

અર્પણ, ૨૫૯, વૃંદાવન સોસાયટી, કાલાવડ રોડ, રાજકોટ - ૫

**લવાજમ : વાર્ષિક માતૃચરણે અર્પણ : રૂા. ૧૨૫.૦૦ વિદેશમાં ૮૦૦.૦૦**

Registered with the registrar of Newspaper for INDIA

No. 07598/22 A.K. 9-T.C. Regd. No. GRJ-303 Valid upto Dec.-2011

DATE OF POSTING : 1st OF EVERY MONTH